ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425


14 JUNE,2025 SATURDAY



પેજ 2 — વાઘોડિયા તાલુકા ની યુવતી પર વારંવાર દુષ્કર્મ ગુજારનાર સામે પોલીસ ફરીયાદ



પેજ 3 — રાજકોટ-જુનાગઢ હાઈવે પર વિદેશી દારૂ ભરેલી કાર સાથે શખ્સ ઝડપાયો



પેજ 7 — ધી ઓલપાડ ગૃપ કોટન સેલ સો.માં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ



પેજ 5 — ૩ વર્ષ સુધી કામ વગર બેસી રહી, કોઈ પસ્તાવો નથી, સમય સૌથી બળવાન : આમના શરીફ

pakkogujarat/ | Vol. 10 | Issue : 91 | Page : 8 | Price : 1.00/- | Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • Mo. : 9662420070 • E-mail : pakkogujarat7@gmail.com

# ઈરાનનો ઈઝરાયલ પર 100થી વધુ મિસાઈલથી હુમલો

## ઈઝરાયેલ હવે ગમે તે સમયે ઈરાન પર હુમલો કરશે!



## ઈરાનના ચાર પરમાણુ- બે લશ્કરી મથકો નિશાનઃ ટોચના કમાન્ડર અને અણુ વૈજ્ઞાનિકો માર્યા ગયા

• તહેરાન

ઈઝરાયેલે ઈરાનના ચાર પરમાણુ અને બે લશ્કરી મથકોને નિશાન બનાવીને શરુ કરેલા હુમલામાં હવે ઈરાને પણ વળતો જવાબ આપવાનું શરુ કરી દીધુ છે. ઈઝરાયેલના 200થી વધુ ફાઈટર જેટ વિમાનો એક સાથે ઈરાન પર પહોંચી ગયા હતા અને ભીષણ હવાઈ હુમલો કર્યો છે.

જેના કારણે ઈરાનના ઈસ્લામીક રેવેલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના કમાન્ડર હુશેન સલામી તેમજ બે ટોચના વૈજ્ઞાનિકો મહમદ મહેંદી તહેરાચી અને ફર્દુન અબ્બાસી માર્યા ગયા છે.

આ ઉપરાંત ઈઝરાયેલનો દાવો છે કે ઈરાનના સૈન્ય વડા મહમદ બાઘેરી પણ આ હુમલામાં માર્યા ગયા છે. જો કે ઈરાને હજુ તેની પુષ્ટી કરી નથી.મિડલ ઈસ્ટમાં જેનો ભય હતો એ જ થઈ રહ્યું છે, ઈઝરાયલના હુમલા બાદ ઈરાનના વળતા પ્રહારથી વિશ્વ વધુ એક યુદ્ધના દરવાજે ઊભું છે. ઈઝરાયલ દ્વારા ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક બાદ ઈરાને પણ ઈઝરાયલ પર મિસાઈલથી હુમલા શરૂ કર્યા છે. તહેરાન ટાઈમ્સના અહેવાલ અનુસાર ઈરાને ઈઝરાયલ પર 100થી વધુ મિસાઈલથી હુમલો કર્યો છે. ઈરાન દ્વારા આ હુમલાને ‘ઓપરેશન ટ્રુ પ્રોમિસ 3’ નામ આપવામાં આવ્યું છે. આ હુમલામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના પ્રાથમિક અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે. IRGSએ સત્તાવાર નિવેદન જાહેર કરીકહ્યું છે, કે ‘ઈઝરાયલે કરેલા હુમલાના જવાબમાં ઈરાને સશક્ત અને સટીક કાર્યવાહી કરી છે.’ ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈએ સોશિયલ મીડિયા પર કહ્યું, કે ‘ઈરાનના લોકો અમારી સાથે છે. ઈરાની સશસ્ત્ર દળો ઈઝરાયલ પર જીત હાંસલ કરશે.’બીજી તરફ ઈઝરાયલની સેનાએ પણ ઈરાનના હુમલાની પુષ્ટિ કરતા કહ્યું છે કે અમે મિસાઈલોને ધ્વસ્ત કરવાની કાર્યવાહી કરી રહ્યા છીએ. આગામી નિર્દેશ સુધી ઈઝરાયલના તમામ નાગરિકોને સુરક્ષિત સ્થાન પર આશ્રય લેવા નિર્દેશ આપવામાં આવ્યા છે. ઈરાને ભારે કિંમત ચૂકવવી પડશે.

ઈઝરાયલ દ્વારા ઈરાન પર હુમલા બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું, કે ‘મેં ઈરાનને ડીલ કરવા માટે અનેક તક આપી. ઈરાને બચવું હોય તો હજુ સમય છે, નરસંહારને રોકવા માટે ડીલ કરી લેવી જોઈએ નહીંતર હજુ યોજનાબદ્ધ અને ક્રૂર હુમલા થશે.અમેરિકા દુનિયાના સૌથી ઘાતક સૈન્ય ઉપકરણ બનાવે છે અને ઈઝરાયલ પાસે તેનો ભંડાર છે. આવનારા સમયમાં હજુ ઘણું થશે. ઈરાનના જે કટ્ટરપંથીઓ બહાદુરીની વાતો કરતાં હતા એ બધા માર્યા ગયા.’

અગાઉ ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હતો જેમાં ઈરાનના 20 ટોપ કમાન્ડર સહિત 75થી વધુ લોકોના મોતની આશંકા છે. મૃતકોમાં ઈરાનની આર્મી તથા એરફોર્સના ચીફ પણ સામેલ છે. ઈરાનના છ વિજ્ઞાનીઓએ પણ જીવ ગુમાવ્યા. ઈઝરાયલ દ્વારા ઈરાન પર કુલ પાંચ તબક્કામાં હુમલો કરાયો હતો. જેને ‘ઓપરેશન રાઈઝિંગ લાયન’ નામ આપવામાં આવ્યું.

## ઈઝરાયલનો ઈરાન પર હુમલો, સેનાના ટોપ કમાન્ડર અને વિજ્ઞાનીઓના મોત

ઈઝરાયલના હુમલા બાદ ઈરાનના નવા IRGC પ્રમુખ એટલે કે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના વડાએ ચેતવણી ભયંકર અને વિનાશકારી પરિણામોનો સામનો કરવો પડશે. ઈઝરાયલની સરકાર માટે નરકના દ્વાર ખોલી નાંખીશું. તેમને સફળતા પણ મળી રહી હતી. એવામાં અમેરિકા અને ઈઝરાયલ નથી ઈચ્છતા કે ઈરાન પરમાણુ શક્તિ ધરાવતો ઈસ્લામમાં બલિદાન અને બદલાનું પ્રતીક માનવામાં આવે છે. આ ધ્વજ મહત્ત્વપૂર્ણ વ્યક્તિના નિધન અથવા તો વેર રહ્યા છે. બંને દેશોના વિવાદ વચ્ચે હવે અમેરિકાની એન્ટ્રી થઈ છે. અમેરિકાના બે અધિકારીઓએ શુક્રવારે (13 તરફ મોકલવાનું શરૂ કરી દીધું છે. અમેરિકન વિદેશ સચિવ માર્કો રુબિયોએ કહ્યું કે, ‘જો જરૂર પડશે તો અમેરિકા કરશે તો અમેરિકા ઈઝરાયલને મદદ કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ, અમેરિકાને પહેલેથી જ હુમલાની જાણકારી

**અમેરિકા ઈઝરાયલની રક્ષા કરશે**

આપી હતી, કે ‘ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા અને ક્ષેત્રીય અખંડતાના ઉલ્લંઘનનો જડબાતોડ જવાબ આપીશું. ઈઝરાયલે નોંધનીય છે કે ઈરાન તેજીથી પરમાણુ બોમ્બ બનાવવાની ટેકનોલોજી પર કામ કરી રહ્યું છે અને અહેવાલો અનુસાર દેશ બને. નોંધનીય છે કે ઈરાનની જામકરાન મસ્જિદના ગુંબજ પર લાલ ધ્વજ ફરકાવી દેવાયો છે. આ લાલ ધ્વજ વાળવાના સંકલ્પનું પ્રતીક છે.ઈઝરાયલે ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલો કર્યા બાદ યુદ્ધના ભણકારા વાગી જૂન) કહ્યું કે, અમેરિકાએ ઈરાનના વળતા હુમલાને ધ્યાને રાખી યુદ્ધ જહાજો અને સૈન્ય સાધનો પશ્ચિમ એશિયા ઈઝરાયલની રક્ષા કરવા માટે હંમેશા ઉભો રહેશે, ખાસ કરીને જો ઈરાન બેલેસ્ટિક મિસાઈલથી જવાબી હુમલો હતી. એવું પણ કહેવાઈ રહ્યું છે કે, આગામી કેટલાક દિવસોમાં સતત ભયાનક હુમલાઓ થવાના છે.

**મિસાઈલ હુમલા બાદ સમગ્ર ઈઝરાયલમાં એલર્ટ, સાયરન વાગી**

**મિસાઈલ હુમલા બાદ સમગ્ર ઈઝરાયલમાં એલર્ટ, સાયરન વાગી**

## કંઈક મોટુ થવાનુ છે : ટ્રમ્પે અગાઉ જ હુમલાની ચેતવણી આપી હતી

### અમેરિકી પ્રમુખએ કહ્યું અમે અમારું અને ઈઝરાયેલનું રક્ષણ કરવા સક્ષમ છીએ

• વોશિંગ્ટન

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે શરુ થયેલા યુદ્ધમાં એક તબકકે અમેરિકાની કોઈ ભૂમિકા નથી તેવો દાવો કરનાર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જો કે ઈઝરાયેલના હુમલા પુર્વે જ કંઈક મોટુ થવાનુ છે તેવુ કહ્યું હતું.આમ ઈઝરાયેલના હુમલા અંગે ટ્રમ્પને અને અમેરિકી તંત્રને પુરી જાણ હતી તે નિશ્ચિત થાય છે. ફોકસ ન્યુઝ સાથેની એક વાતચીતમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા પરીસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને અમે અમારુ તેમજ ઈઝરાયેલનું રક્ષણ કરવા સક્ષમ છીએ.

અમેરિકાએ તેના આયરન ડોમ સીસ્ટમને પણ ફરી એક વખત મજબૂત કરી છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે એક મોટુ યુદ્ધ થઈ શકે છે. જો કે તેમણે દાવો કર્યો કે અમેરિકાને યુદ્ધ ગમતુ નથી પણ અમે ઈચ્છીએ છીએ કે ઈરાન પાસે અણુબોમ્બ હોવા જોઈએ નહી. આમ તેઓએ ઈઝરાયેલના હુમલા



અંગે તેમને આગોતરી જાણ હતી તે સાબીત કરી દીધુ છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને અટકાવી દીધુ હતું અને અણુ યુદ્ધ પણ અટકાવ્યુ હતું તેવી બળાશ હાંકે છે. જો કે ભારતે સ્પષ્ટ કર્યુ છે કે કોઈના દબાણ હેઠળ યુદ્ધ અટકાવાયુ નથી.તે સમયે ટ્રમ્પે ફરી એક વખત ભારત અને પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે બંને દેશો વચ્ચેની દુશ્મનાવટ લાંબા સમયથી છે. પરંતુ તેઓ કાશ્મીર સહિતની સમસ્યાને ઉકેલી શકે છે. વ્હાઈટ હાઉસમાં એક બીલ પર સહી કરવાના આયોજન દરમ્યાન ટ્રમ્પે આ દાવો કર્યો હતો અને કહ્યું કે હું ભારત અને પાકિસ્તાનને નજીક લાવી શકુ છું. ટ્રમ્પે એ પણ કહ્યું કે બંને દેશો વચ્ચે અણુયુદ્ધ થવાની શકયતા હતી પરંતુ મે તે થવા દીધુ નથી.

**મિસાઈલ હુમલા બાદ સમગ્ર ઈઝરાયલમાં એલર્ટ, સાયરન વાગી**

**મિસાઈલ હુમલા બાદ સમગ્ર ઈઝરાયલમાં એલર્ટ, સાયરન વાગી**

## અમેરિકાએ મધ્ય પુર્વના દેશોમાંથી તેના દૂતાવાસોના મોટાભાગના કર્મચારીઓને પરત બોલાવી લીધાઃ બ્રિટને વ્યાપારી જહાજોને એલર્ટ કર્યા

• લંડન

મધ્યપુર્વમાં વધતા જતા તનાવ વચ્ચે એક તરફ અમેરિકાએ આ વિસ્તારના અનેક દેશોમાંથી પોતાના દૂતાવાસ કચેરીના વધારાના સ્ટાફને પરત બોલાવી લીધો છે તો બીજી તરફ એ નિશ્ચિત બન્યું છે કે ઈઝરાયેલ હવે ગમે ત્યારે ઈરાન પર હુમલો કરવા માટે તૈયાર છે.અમેરિકાએ બગદાદ સહિતના મીડલિસ્ટમાં તેના દૂતાવાસમાં ઓછામાં ઓછો સ્ટાફ રાખવા માટે જણાવ્યું છે અને અમેરિકા તેમજ ઈરાન વચ્ચેની અણુ મથકો અંગેની વાટાઘાટ પણ લગભગ ભાંગી પડી છે. તે વચ્ચે અમેરિકાએ ઈરાકમાંથી પણ તેના દૂતાવાસના કર્મચારીઓમાં મોટો ઘટાડો કર્યો છે.યુરોપમાં પણ એવી આશંકા છે કે ઈઝરાયેલ કોઈપણ સમયે ઈરાનના અણુમથકો પર હુમલો કરશે અને અમેરિકા પણ તેને સાથ આપશે. સૂત્રોના જણાવ્યા મુજબ ઈઝરાયેલે અમેરિકાને જણાવ્યું છેકે હવે ઈરાન પર હુમલો કરવા માટે આ યોગ્ય સમય છે.લાંબા સમયથી ઈરાન પોતાના અણુ કાર્યક્રમમાં પાછળ હટવા માટે જે સંકેત આપતો હતો તે પણ હવે આપતુ નથી. બીજી તરફ બ્રિટને તેના વ્યાપારી જહાજોને આ ક્ષેત્રમાંથી પસાર થતા સમયે સાવધાની રાખવા સૂચના આપી છે. અમેરિકન મીડિયામાં દાવો કરાયો છે કે, અમેરિકાના ’એક્સકલુઝિવ ઈન્ટેલિજન્સ ‘એ ઈરાન પર હુમલામાં ઈઝરાયલને ફાયદો કરાવ્યો છે. એવું પણ કહેવાઈ રહ્યું છે કે, આગામી કેટલાક દિવસમાં મોટા હુમલાની તૈયારીઓ ચાલી રહી છે. અમેરિકાએ ઈરાન પર ઈઝરાયલી હુમલામાં સીધી સૈન્ય ભૂમિકા નિભાવી નથી, પરંતુ તેણે ઈઝરાયલને ખૂબ જ ચોક્કસ ગુપ્ત માહિતી પુરી પાડી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# વાઘોડિયા તાલુકાની યુવતી પર વારંવાર દુષ્કર્મ ગુજારનાર સામે પોલીસ ફરીયાદ

• કિશન રોહિડા, જરોદ



વાઘોડિયા તાલુકાના એક ગામમાં રહેતી ૧૮ વર્ષીય યુવતી પર બળાત્કાર ગુજારી ને યુવકે ગર્ભવતી બનાવતા મામલો આખરે વાઘોડિયા પોલીસ મથકે પહોંચ્યો વાઘોડિયા તાલુકાના એક ગામમાં રહેતા અનિલ પટેલ નામના કિસાનપુત્ર ના ખેતરમાં રિવજી રાઠવાભાઈ અને નરેન્દ્ર રાઠવાભાઈ છેલ્લા પાંચેક વર્ષથી ખેતી કામ કરે છે અંદાજિત પાંચેક માસ અગાઉ ઢોરઢાંખર માટે ઘાસચારો લેવા જતા નરેન્દ્ર રાઠવા એ યુવતી ને રોકી ને કહ્યું કે મારે તારી સાથે બોલવું છે ત્યારે યુવતી એ ઘસીને ના પાડી દીધી હતી ત્યારબાદ યુવતી કપડાં ધોવા માટે ખેતર પાસે આવેલ કેનાલ પર ગ ઈ હતી તે દરમિયાન નરેન્દ્ર ને વાસના નું ભૂત સવાર થતાં યુવતી ની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું આમ વારંવાર યુવતી નો એકલતા નો મોકો મેળવી ને તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરતો રહ્યો ત્યાર બાદ હમણા બે દિવસ અગાઉ યુવતી ને પેટમાં દુખાવો ઉપડતા તેને વાઘોડિયા ખાતે આવેલ એક ખાનગી દવાખાનામાં તપાસ કરાવતા તબીબે યુવતી નાં પરીવાર જનો ને યુવતી ગર્ભવતી હોવાનું જણાવતા પરીવાર જનો યુવતી ને ઘરે લઈ ગયા હતા ઘરે ગયા બાદ યુવતી ની માતા અને કાકી એ પ્રેમ પૂર્વક યુવતી ને પુછતાછ કરતાં સમગ્ર હકીકત નો ખુલાસો બહાર આવવા પામતા યુવતી પોતાના પરિવાર સાથે વાઘોડિયા પોલીસ મથકે પહોંચી ને આરોપી નરેન્દ્ર રાઠવા ઉ વર્ષ ૨૩ વિરુદ્ધ દુષ્કર્મ ની ફરીયાદ નોંધાવતા પોલીસ સત્વરે એકશન માં આવી ગણતરી ના કલાકો માં આરોપી નરેન્દ્ર રાઠવા ની અટકાયત કરીને મેડિકલ ની તપાસ હાથ ધરી છે

**તંત્રની નોટિસ** — કકેકૂ અંકલેશ્વરના દઢાલ ગામે સાગબારા ફાટક પાસે રોડ ઉપરથી

# શંકાસ્પદ લોખંડ-સ્ટીલનો ભંગાર ભરેલ પીકઅપ ગાડી સાથે બે ઈસમોને ઝડપી પાડતી અંકલેશ્વર રૂરલ પોલીસ

• કેતન મહેતા, અંકલેશ્વર

નાયબ પોલીસ અધિક્ષક ડૉ.કુશલ ઓઝાના માર્ગદર્શન અને સુચનાના આધારે પોલીસ ઈન્સપેક્ટર એચ.જી. ગોહીલ અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશન જી.ભરૂચનાઓએ અલગ-અલગ ટીમો બનાવી હાથ ધરવામાં આવેલ સઘન પ્રયત્નોના આધારે સર્વેલેન્સ સ્કોડના માણસો ખાનગી વાહનમાં દઢાલ ગામે પેટ્રોલીંગમાં હતા તે સમય દરમ્યાન બાતમી મળેલ કે "એક મહિન્દ્રા કંપનીની સફેદ કલરની પીકઅપ ગાડી નંબર GJ-16-Z-8081 માં ગેરકાયદેસર લોખંડ તથા સ્ટીલનો ભંગાર ભરીને નવાગામ કરારવેલથી દઢાલ ગામ થઈ પાનોલી તરફ જનાર છે. જેવી બાતમીના આધારે દઢાલ ગામે ફાટક પાસે વાહન ચેકીંગમાં હતા તે સમય દરમ્યાન બાતમીના વર્ણનવાળું પીકઅપ વાહન આવતા પકડી પાડી પીકઅપમાં ભરેલ લોખંડ તથા સ્ટીલના ભંગાર વજન ૧૭૦ કિલો કિંમત રૂપિયા ૨૦,૧૭૦/- તથા પીકઅપ ગાડીની કિંમત રૂપીયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂપીયા ૧,૭૦,૧૭૦/- ના મુદ્દામાલ સાથે બે ઈસમો (૧) નિયામત s/o અકબર નિવાત પઠાણ અને (૨) ફુલખાન જાગીરખા ખાનને ઝડપી પાડી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ મુજબ કબ્જે કરી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ મુજબ કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ કાર્યવાહી અંકલેશ્વર રૂરલ પોલીસ દ્વારા કરવામાં આવી રહેલ છે.



BPCL રીફાઈનરી કોચીન (કેરળ) ખાતેથી ટેન્કરમાં પ્રોપીલીન ગેસ ભરાયો હતો

# સાડા પાંચ લાખથી વધુનો ગેસનો જથ્થો સગેવગે કરી ટેન્કર માલિક સાથે વિશ્વાસઘાત કરનાર ઝબ્બે

**એકરાર કર્યો** — આગળની કાર્યવાહી માટે દહેજ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ છે

**તપાસ ગયેલ ટીમ દ્વારા ટેક્નિકલ સર્વેલન્સની મદદથી નાસતા ફરતા આરોપીને હજીરા L & T કંપનીમાંથી ઝડપી પાડી પુછપરછ હાથ ધરાઈ**

• કેતન મહેતા, ભરૂચ

BPCL રીફાઈનરી કોચીન (કેરળ) ખાતેથી ટેન્કરમાં પ્રોપીલીન ગેસ ભરી દહેજ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ દીપક ફર્ટીલાઈઝર કંપનીમાં ખાલી કરતા પહેલા રસ્તામાં સાડા પાંચ લાખથી વધુનો ગેસનો જથ્થો સગેવગે કરી ટેન્કર માલિક સાથે વિશ્વાસઘાત કરનાર ટેન્કર ડ્રાઈવર આરોપીને ઝડપી પાડતી ભરૂચ ક્રાઈમ બ્રાંચ પોલીસ ઈન્સપેક્ટર એમ.પી.વાળા એલ.સી.બી. ભરૂચનાઓ દ્વારા વિવિધ ટીમની રચના કરી આપેલ જરૂરી સુચના અને માર્ગદર્શનના આધારે, એલ.સી.બી ટીમ દ્વારા હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે નાસતા ફરતા આરોપીઓ પકડવા હાથ ધરેલ વર્ક આઉટ દરમ્યાન પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.એ.તુવર એલ.સી.બી. ભરૂચની ટીમને બાતમી મળેલ કે, "BPCL રીફાઈનરી કોચીન (કેરળ) ખાતેથી ટેન્કરમાં પ્રોપીલીન ગેસ ભરી, દહેજ નજીક દીપક ફર્ટીલાઈઝર કંપનીમાં ખાલી કરવા જતા પહેલા રસ્તામાં કોઈક જગ્યાએ સાડા પાંચ લાખથી વધુનો ગેસનો જથ્થો સગેવગે કરનાર ડ્રાઈવર આરોપી મોહમંદ સકીલ ગુલ હસન છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો છે અને હાલ તે સુરતના હજીરા ખાતે જોવામાં આવેલ છે" આ આરોપીનું નામદાર વાગરા કોર્ટ દ્વારા ક્રીમીનલ પ્રોસીજર કોડની સલંગ્ન કલમ મુજબનું ધરપકડ વોરન્ટ પણ ઈસ્યુ કરેલ છે.

જેથી એલ.સી.બી.ટીમને તાત્કાલિક હજીરા ખાતે આરોપીની તપાસ અર્થે મોકલી આપવામાં આવેલ અને તપાસ ગયેલ ટીમ દ્વારા ટેક્નિકલ સર્વેલન્સની મદદથી નાસતા ફરતા આરોપીને હજીરા L & T કંપનીમાંથી ઝડપી પાડી પુછપરછ હાથ ધરતા ગુનાને એકરાર કરતી હકીકત જણાવતો હોય જેથી આગળની કાર્યવાહી માટે દહેજ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ છે.



# દહેજ બેઈલ કંપની ખાતે નાર્કોટીક્સ ડ્રગ્સનો મુદ્દામાલ નાશ કરવામાં આવ્યો

સાત પોલીસ સ્ટેશનના ૧૭ ગુનાનો કુલ કિ.રૂ. ૧,૨૫,૮૦,૨૫૦/- નો મુદ્દામાલ હતો

• કેતન મહેતા, ભરૂચ





ગુજરાત રાજયમાં નશીલા પદાર્થોની બદી સદંતર નેસ્ત નાબુદ થાય તેમજ તેની હેરા-ફેરી અટકાવવા તથા યુવાધનમાં નશીલા પદાર્થોનો વ્યાપ ખુબ જ વધતા જતા ઉપયોગને રોકવા માટે તથા નાર્કોટીકસના ગુનામાં જપ્ત કરેલ મુદ્દામાલના નાશ-નિકાલની કાર્યવાહી કરવા માટે તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધીની સ્પેશ્યલ ડ્રાઈવ(ઝુંબેશ) અધિક પોલીસ મહાનિદેશક, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજય, ગાંધીનગરનાઓની કચેરી તરફથી આયોજન કરવામાં આવેલ હોય જે અન્વયે પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ વડોદરા વિભાગ, વડોદરાનાઓની રાહબરી હેઠળ ભરૂચ જિલ્લા ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીના અધ્યક્ષ મયુર ચાવડા, પોલીસ અધિક્ષક, ભરૂચ તથા ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીના સભ્ય ડૉ.કુશલ ઓઝા, નાયબ પોલીસ અધિક્ષક, અંકલેશ્વર વિભાગ, અંકલેશ્વરનાઓના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ભરૂચના પોલીસ ઈન્સ્પેકટર એ.એ.ચૌધરીનાઓના સંકલન દ્વારા ભરૂચ જિલ્લાના પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ મુજબ દાખલ થયેલ કુલ-૧૭ ગુનાઓમાં કબ્જે કરાયેલ માદક પદાર્થ નાર્કોટીકસના મુદ્દામાલની નાશ-નિકાલની કાર્યવાહી BEIL ઈન્ફાસ્ટ્રકચર લીમીટેડ કંપની, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, દહેજ, જી.ભરૂચ ખાતે ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીની હાજરીમાં કરવામાં આવેલ છે.

તુલસીધામ ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ સામે બનેલ

# ચેઈન સ્નેચીંગનાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી ભરૂચ શહેર "સી" ડીવીઝન પોલીસ

• કેતન મહેતા, ભરૂચ

ગત તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ ફરીયાદી પુષ્પાબેન દિલીપસિંહ પ્રતાપસિંહ રાઠોડનાઓ તુલસીધામ ત્રણ રસ્તાથી જ્યોતિનગર તરફ ચાલતા ચાલતા હરીહર કોમ્પલેક્ષની આગળ ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષની સામે રોડ ઉપર આવતા સાંજના પોણા છ વાગ્યે જ્યોતિનગર તરફથી સફેદ અને ભુરા કલરની ડિઓ મોપેડ ઉપર બે અજાણ્યા ઈસમો આવી મોપેડની પાછળ બેસેલ ઈસમે તેમના ગળામાંથી સોનાની પેન્ડલ સહિતની ચેઈન તોડીને નાસી ગયેલ હોવાની ફરીયાદ કરેલ. આ કામે સર્વેલન્સ સ્ટાફના પો.સબ.ઈન્સ. આર.એસ.પાટીલ તથા પો.સબ.ઈન્સ. એ.એન.ચૌધરી. તથા સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા અલગ અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સના આધારે તપાસ કરતા આ કામના પકડવાનો બાકી




આરોપી મોહસીન ઉર્ફે હાઈટ રફીકભાઈ અંસારી વડોદરા ખાતે હોવાની માહિતી મળેલ જે આધારે વડોદરા ખાતેથી આરોપીને ઝડપી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# વાઘોડિયા તાલુકા ના જરોદ ગ્રા, પં, ચુંટણી માં ૧૨ વોર્ડ માં ૩૨ સભ્યો અને સરપંચ પદ ના બે ઉમેદવારો મેદાને જંગમાં

• કિશન રોહિડા, જરોદ

વાઘોડિયા તાલુકા મા આવનાર તા, ૨૨ જુને સ્થાનિક સ્વરાજ્યની ગ્રામ પંચાયતો ની ચુંટણી યોજાવાની છે ત્યારે જરોદ ગ્રામ પંચાયત ની ચૂંટણી માં સરપંચ પદ ના ચાર ફોર્મ ભરાયાં હતાં જેમાં બે ઉમેદવારો એ ફોર્મ પરત ખેંચી લેતા હાલ સરપંચ પદ ના મનિષાબેન રૂપેશભાઈ સોલંકી અને દિપિકા બેન ઉમેશભાઈ પરમાર વચ્ચે ગામના પ્રથમ નાગરિક ની ખુરશી મેળવવા માટે ખરાખરીનો જંગ ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે યોજાઈ રહ્યો છે તાજેતરમાં યોજાયેલ રહેલ ચુંટણી માં સરપંચ પદ ની સિટ અનુસુચિત જાતિ અનામત મહિલા હોવાનાં કારણે સરપંચ પદ કરતા વધારે ઉપસરપંચ પદ મેળવવા માટે ગામના અમુક મુખ્ય વોર્ડ માં ભારે ખેંચતાણ સૌને જોવા મળી રહી છે આકળે મધ સમા ઊપ સરપંચ પદ મેળવવા માટે કુલ ૧૨ વોર્ડ માં થી કુલ ૩૨ ઉમેદવારો એ ફોર્મ યથાવત રાખીને પોતાની જીત પાક્કી હોવાનું અનુમાન મુકીને ધગધગતા સુયૅનારાયણ ના આકરા તાપમાં મતદારો ને રીઝવવા માં પાછી પાની કરતા નથી નું જોવા મળી રહ્યું છે જેમાં વોર્ડ પ્રમાણે પ્રથમ વોર્ડ માં બે ઉમેદવારો, બીજા વોર્ડ માં ત્રણ ઉમેદવારો, ત્રીજા વોર્ડ માં ત્રણ ઉમેદવારો, ચોથા વોર્ડ માં ત્રણ ઉમેદવારો, પાંચમા વોર્ડ માં બે ઉમેદવારો, છઠ્ઠા વોર્ડ માં પાંચ ઉમેદવારો, સાતમા વોર્ડ માં બે ઉમેદવારો, આઠમા વોર્ડ માં બે ઉમેદવારો, નવમા વોર્ડ માં ચાર ઉમેદવારો, દશમાં વોર્ડ માં બે ઉમેદવારો, અગીયારમાં વોર્ડ માં બે ઉમેદવારો, અને બારમા વોર્ડ માં બે ઉમેદવારો નો જંગ ખેલાયો છે ત્યારે વોર્ડ નં છ માં પાંચ ધુરંધરો બેટ્સમેનો ઉપ સરપંચ પદ મેળવવા માટે એલાને જંગ માં ઉતરતા સૌ ગ્રામ જનો ની નજર વોર્ડ નંબર છ પર મંડાઈ છે કોણ બનેગા કરોડપતિ નું ઉપ નામ કોણ બનેગા ઉપ સરપંચ ની ચર્ચાઓ જાગૃત નાગરિકો માં ઉઠવા પામી છે

કિ.રૂ ૭,૦૪,૯૦૦ નો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

# ડેડીયાપાડાના કણજી ખાલ ફળિયા નજીકથી ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતી LCB નર્મદા

• કેતન મહેતા, નર્મદા

ડેડીયાપાડાના કણજી ખાલ ફળિયા નજીક કુલ કિ.રૂ ૭,૦૪,૯૦૦ નો ઈંગ્લીશ દારૂ એલ.સી.બી નર્મદા પોલીસે ઝડપી પાડી બે આરોપીઓની ધરપકડ કરી છે.

એલ.સી.બી નર્મદા પોલીસને મળેલ બાતમીને આધારે આધારે ડુમખલથી કણજી ખાલ ફળિયા બાજુ જતી એક બોલેરો ગાડીમાં પ્રોહી. અંગેનો મુદ્દામાલ ભરેલ છે જે બોલેરો ગાડીને ઉભી રાખી ચેક કરતા બોલેરો ગાડીમાંથી કુલ કિ.રૂ.૦૩,૦૨,૪૦૦ ના પ્રોહી. મુદ્દામાલ તથા બે મોબાઈલ તથા એક બોલેરો ગાડી સાથે એલ.સી.બી નર્મદા ટીમે ઝડપી પાડેલ છે. પકડાયેલ મુદ્દામાલમાં (૧) રોયલ બ્લ્યુ મલ્ટ વિસ્કી ૧૮૦ મીલીના ક્વાટરીય નંગ-૭૬૮ (૨) કિંગ ફિશર એક્સ્ટ્રા સ્ટ્રોંગ બિયર ૫૦૦ મીલી નંગ-૯૩૬ ઝડપી પાડેલ છે. જયારે (૧) જીતેન્દ્રભાઈ માનસીંગભાઈ વસાવે (ઉ.વ ૨૮, રહે.બગદરી, તા.અક્કલકુવા, જી.નંદુરબાર.) (૨) સંદિપભાઈ સુરતાભાઈ વસાવે (ઉ.વ ૨૯, રહે.સેનવાઈ પાડા, તા.અક્કલકુવા, જી.નંદુરબાર. )ને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે જયારે અન્ય બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.



# વાલીયા પો.સ્ટે. પ્રોહીબીશનના ગુનાના વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડતી વાલીયા પોલીસ

• કેતન મહેતા, વાલીયા

પોલીસ ઈન્સપેકટર એમ.બી.તોમરનાઓએ અલગ અલગ ટીમો બનાવી વાલીયા પો.સ્ટે વિસ્તારના અલગ ગુનાઓમાં નાસતા ફરતા તેમજ વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા તેમજ અગામી સમયમાં આવનાર ગ્રામ પંચાયતની ચુંટણી અનુસંધાને અસરકારક કામગીરી કરવા આપેલ સુચના અન્વયે કે.બી.ડોડીયા પોલીસ સબ ઈન્સપેક્ટરનાઓ તેમની ટીમ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમય દરમ્યાન કે.બી.ડોડીયા પોલીસ સબ ઈન્સપેક્ટરનાઓને તેમના અંગત બાતમીદારથી બાતમી મળેલ કે, "વાલીયા પો.સ્ટે. નોંધાયેલ પ્રોહિ.એક્ટ કલમ તથા ભારતીય ન્યાય સંહિતા કલમ મુજબના કામના આરોપીઓએ ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની નાની-મોટી બોટલો તથા ટીન બીયરની પેટીઓ મળી કુલ નાની-મોટી બોટલ/ટીન બીયર નંગ-૨૬૫૨ જેની કુલ કિંમત રૂપિયા ૨,૮૯,૨૦૦/- નો પ્રોહી. મુદ્દામાલ વેચાણ કરવાના ઈરાદે પોતાના ઘરમાં સંતાડી રાખેલ, જે મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ, જેના વોન્ટેડ આરોપીઓ (૧) જગદિશભાઈ ઉર્ફે જગો S/O રવિયાભાઈ વસાવા તથા (૨) રમેશભાઈ ઓલીયાભાઈ વસાવા (બંને રહે.લુણા, સોનેરી ફળિયું, તા.વાલીયા, જી.ભરૂચ.) નાઓ બંને લુણા ગામે પોતાના ઘરે હાજર છે." તેવી ચોક્કસ અને



આધારભુત બાતમી મળતા પોલીસ ટીમની સાથે લુણા ગામે જઈ વોન્ટેડ આરોપીઓના ઘરને કોર્ડન કરીને આરોપીઓને ઝડપી પાડેલ અને તેમના નામઠામ પુછતા (૧) જગદિશભાઈ ઉર્ફે જગો S/O રવિયાભાઈ વસાવા ઉ.વ.૩૬ તથા (૨) રમેશભાઈ ઓલીયાભાઈ વસાવા (બંને રહે.લુણા, સોનેરી ફળિયું, તા.વાલીયા, જી.ભરૂચ) નાઓ હોવાનું જણાવેલ હતું, જેથી તેઓ બંનેને ગુનાના કામે અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**ન્યૂઝ ફોકસ** — પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પકડાયેલ હલીમા ૧૫ વર્ષ પહેલા બોર્ડર ક્રોસ કરી બાંગ્લાદેશથી મુંબઇ આવી હતી. જ્યાં સાતેક વર્ષ રહી હતી અને છેલ્લા ૮ વર્ષથી જેતપુરના નવાગઢ વિસ્તારમાં રહેતી હતી. આ દરમિયાન પાંચેક વર્ષ પુર્વે એક વખત બાંગ્લાદેશની મુલાકાત લીધી હતી

# જેતપુરમાંથી બાંગ્લાદેશી મહિલા પકડાઈ

આઠ વર્ષથી નવાગઢમાં રહેતી મહિલાને રૂરલ એસઓજી તથા જેતપુર પોલીસે પકડી પુછતાછ હાથ ધરી

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુરમાંથી રૂરલ એસઓજીએ બાંગ્લાદેશી મહિલાને પકડી પાડી પુછતાછ હાથ ધરી છે. રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ તથા પોલીસ અધિક્ષક હિમકરસિંહ રાજકોટ ગ્રામ્યએ જીલ્લામાં ઘુસણખોરી કરનારા અન્ય દેશના લોકો સામે કામગીરી કરી, શોધી કાઢવા સુચના આપેલ જે સુચના આધારે નાયબ પોલીસ અધિક્ષક આર.એ. ડોડીયા જેતપુર વિભાગ, તથા એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.શાખા પો.સબ.ઈન્સ. કે.એમ. ચાવડા તથા સ્ટાફ જેતપુર સીટી પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે પેટ્રોલીગમાં હતો. તે દરમ્યાન એસ.ઓ.જી. શાખાના પો.હેડ કોન્સ., વિરરાજભાઈ ધાધલ, પ્રહલાદસિંહ રાઠોડ, તથા પો.કોન્સ. ચીરાગભાઈ કોઠીવાર ને સંયુક્ત ખાનગી રાહે હકિકત મળેલ જે હકિકત આધારે જેતપુર નવાગઢ બળદેવધાર ખાતે રહેતી હલીમા બેગમ ઉર્ફે રેહાના ડો/ઓ મોહબર શેખ, રહે.જશોર, પોસ્ટ ઓફીસ-રાજારાટ, જી.કોચુઆ, બાંગ્લાદેશ, હાલ રહે. નવાગઢ, જેતપુર વાળી મળી આવતા તેઓની ઉંડાણપુર્વક પુછપરછ કરતાં તેઓ પાસે ભારતીય નાગરિક તરીકેનો આધાર/પુરાવાઓ નહી હોવાનું જણાવતાં અને તેઓ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી અહીયાં આવેલ હોવાનું જણાવતાં તેણીને નજર કેદ કરવામાં આવેલ અને મજકુર હલીમા બેગમ કોઈ ગુન્હાહીત પ્રવળતિ સાથે સંકળાયેલ છે કે કેમ ? તેમજ તેઓ ખરેખર કયા હેતુથી ઘુસણખોરી કરેલ છે. તે દિશામાં તપાસ ચાલુ છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પકડાયેલ હલીમા ૧૫ વર્ષ પહેલા બોર્ડર ક્રોસ કરી બાંગ્લાદેશથી મુંબઈ આવી હતી. જયાં સાતેક વર્ષ રહી હતી અને છેલ્લા ૮ વર્ષથી જેતપુરના નવાગઢ વિસ્તારમાં રહેતી હતી. આ દરમિયાન પાંચેક વર્ષ પુર્વે એક વખત બાંગ્લાદેશની મુલાકાત લીધી હતી. હલીમાના તલ્લાક થઈ ગયા છે. સંતાનમાં એક પુત્ર છે તેના પિતા સહીતનો પરીવાર બાંગ્લાદેશમાં રહે છે.



**પ્રાકૃતિક ખેતી** જમીનને બંજર બનતી રોકવા અને સારા સ્વાસ્થ માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય :અરજનભાઇ ભોગેસરા

# પોરબંદર જિલ્લાના ભોગસર ગામનાં અરજનભાઈ ભોગેસરા પ્રાકૃતિક ખેતી કરીને મેળવે છે મબલખ આવક

## પ્રાકૃતિક ઉત્પાદનોના નહિવત ખર્ચ સામે જીરૂ સહિત પાકના ઉત્પાદન બજાર ભાવ કરતાં ૩૦% થી વધુ ભાવો મળે છે

• વિરમભાઈ કે. આગઠ ગોસા(ઘેડ)

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેક પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે, જેના પરિણામે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યાં છે અને નહીવત ખર્ચ સાથે મબલખ કમાણી ખેડૂતો કરી રહ્યાં છે. પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના ભોગસર ગામના ખેડુત અરજનભાઈ જેઠાભાઈ ભોગેસરા વિવિધ શાકભાજી, ચણા, જીરૂ, જુવાર તેમજ મગ સહિતના ઉત્પાદનોની પ્રાકૃતિક ખેતી કરે છે જેમાં ખાસ તો વિવિધ શાકભાજીની પ્રાકૃતિક ખેતીમાં તેઓ એક વિઘાના ઉત્પાદની સામે આશરે એકથી દોઢ લાખની આવક મેળવી રહ્યા છે. અરજનભાઈ ભોગેસરા પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ વિશેની વાત કરતા જણાવ્યુ કે,સરકારના આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા મેળવીને આશરે છેલ્લા ૧૨ વર્ષોથી પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલ અને ૯૦ વિઘા જમીન પર પ્રાકૃતિક ખેતીના પાંચ આયામોના સંપુર્ણ પણે ઉપયોગથી નહિવત ખર્ચે શ્રેષ્ઠ ઉત્પાદન મેળવુ છું. તેમજ ઉત્પાદિત ઉપજ રાજકોટ સહિતના શહેરોમાં બજાર કિમત કરતા ૩૦ ટકા વધુ ભાવો મળે છે. તેઓએ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદનમાં ઘટાડાની વાત કરતા જણાવ્યું હતું કે ,પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો અનુસરીને પ્રાકૃતિક ખેતી કરવામાં આવેતો ઉત્પાદનમાં કોઈ જાતનુ નુકસાન થતુ નથી. અને સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. વધુમાં તેઓએ જણાવ્યું કે ખેતીમાં રાસાયણીક ખાતર-દવાઓના ભરપુર ઉપયોગને કારણે કેન્સર સહિતના ભયંકર રોગો ઘણા વધી ગયા છે. અને તેમા લગભગ ૮૦ ટકા માણસેને આ કેમીકલયુક્ત રસાયણોના લીધેજ કેન્સર થાય છે. તેથી જો પ્રાકૃતિક ખેતી કરવામાં આવે તો આ કેન્સરનુ પ્રમાણ ઓછુ થશે અને અન્ય પણ કેટલા બધા રોગો કે જે આના કારણે જ થાય છે તે પણ ઓછા થશે તેમજ આપણે તંદુરસ્ત રહિશુ. અને જિલ્લાના ખેડુતો મિત્રોને પણ અપીલ કરવામાં આવી હતી કે, બધા ખેડુતો પ્રાકૃતિક ખેતી કરે, પોતાના માટે નહિ તો ભવિષ્યની પેઢી માટે પણ પ્રાકૃતિક ખેતી કરવી પડશે.જમીનને બંજર બનતી રોકવા અને સારા સ્વાસ્થ માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય જેથી પ્રાકૃતિક ખેતી કરવામાં આવશે તો જ જમીન જીવંત રહશે નહિતર જમીન પુરેપુરી ખરાબ થઈ જશે.



બે મંદિરો નિશાન બનાવ્યા તથા બે વાહનોની ચોરી કરી પલાયન

# પ્રાંતિજ ખાતે તસ્કરોનો તરખાટ એકજ રાત્રીમાં ચાર અલગ અલગ જગ્યાએ ચોરી કરી

**સઘન પેટ્રોલિંગની માગ** બે મંદિરો માંથી જલાધારી ,ચાંદીનુ છત્રર , એક પંચ ધાતુ નો ઘટ સહિત અંદાજે ૧૫૦૦૦ ની ચોરી

**સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એકજ રાત્રીમા તસ્કરોએ ચાર અલગ-અલગ જગ્યાએથી ચોરી કરી પલાયન થતા પ્રાંતિજ પોલીસને જાણ કરવામા આવી**

• ઉમંગ રાવલ સાબરકાંઠા

પ્રાંતિજ ખાતે તસ્કરોએ એકજ રાત્રી મા બે મંદિરો તથા બે વાહનો ની ચોરી કરી પલાયન થતા મંદિર ના પુજારી તથા વાહન માલિકો દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરવામા આવી હતી જેમા પ્રાંતિજ નાનીભગોળ ભરચક વિસ્તાર મા આવેલ શ્રી હરીહરેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રી દરમ્યાન મંદિર મા પ્રવેશ કરી મંદિર મા રહેલ બે જલાધારી તથા એક ચાંદીનુ છત્રર સહિત કુલ અંદાજે ૧૫૦૦૦ ની ચોરી કરી તસ્કરો પલાયન થયા હતા તો પ્રાંતિજ નેશનલ હાઈવે-૪૮ ઉપર આવેલ શ્રી માલ્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ પંચ ધાતુ માથી બનેલ એક ઘટ ની ચોરી કરી હતી તો નેશનલ હાઈવે ઉપર આવેલ ભુપેન્દ્ર પેટ્રોલ પંપ નજીક રાત્રીમા ખુલ્લી જગ્યામા પાર્ક કરેલ એક ટ્રેક્ટર- ટોલી ના દેખાતા ટ્રેક્ટર માલિક ભરતભાઈ ઈન્દ્રવદન વણઝારા દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરી હતી તો પ્રાંતિજ ત્રણ રસ્તા ઓવરબ્રીજ પાસે આવેલ પટેલ પાર્ક સોસાયટી મા રહેતા ચિરાગ હિતેષ ભાઈ પટેલ ના ઘર આગળ રાત્રી દરમ્યાન પાર્ક કરેલ પલ્સર બાઈક રાત્રીના કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ જતા સવારે બાઈક ઘર આગળના જોવા મલતા આજુબાજુ મા શોધખોળ બાદ પણ ના મલી રહેતા બાઈક માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરી હતી તો એકજ રાત્રી મા બે મંદિરો સહિત બે વાહનોની ચોરી થતા નગરજનો મા પોતાના વાહનો તથા પોતાના માલ મિલકત ને લઈ ને હાલતો ભંય નો માહોલ જોવા મળી રહ્યો છે અને પોલીસ દ્વારા રાત્રી નો પોલીસ પેટ્રોલિંગ સધન કરવા આવે તેવી માંગ ઉઠવા પામી છે



રાણાવાવ : એસટી બસ સ્ટેશન પાસેથી M મોબાઈલની દુકાનમાં

# વરલી મટકાના આંકડા નો જુગાર રમતા બે શખ્શોને રણાવાવ પોલીસ પકડી પાડ્યા

• વિરમભાઈ કે આગઠ

ગોસા(ઘેડ) તા.૧૩/૦૬/૨૦૨૫ રણાવાવ પોલીસ સ્ટેશનના રાણાવાવ એસ.ટી.બસ સ્ટેશન સામે M મોબાઈલ નામની દુકાનમાં વરલી મટકા આંકડાનો જુગાર રમાડતા હોવાની હકીકત મળતાં અને હકીકત વળી જગ્યાએ રેઈડ કરતા વરલી મટકાના આંકડાનો જુગાર રમતા દુકાન માલિક સહિત બે ઈસમોને રોકડા રૂપિયા ૪૪૬૨૦ તથા મોબાઈલ ફોન નંગ -૨ કિંમત રૂપિયા ૧૦૦૦૦ મળી કુલ રૂપિયા ૫૪૬૨૦ આ મુદ્દા માલ સાથે રાણાવાવ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન એક શખ્સ ફરાર થઈ ગયો હતો. ત્યારે તમામ સામે પોલીસે ગુન્હો દાખલ કર્યો છે જુનાગઢ રેજના પોલીસ નિરીક્ષક નિલેશ જાજડિયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા નાઓ દ્વારા પોરબંદર જિલ્લામાં પ્રોહી /જુગારની બદી નેસ્તનાબૂદ કરવા ખાસ સુચના કરેલ. જે સૂચના અન્વયે રાણાવાવ ડિવિઝન વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાનાઓના માર્ગદર્શન હેઠળ રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.એન. તળાવીયાનાઓ દ્વારા રાણાવવાવ પોલીસ સ્ટાફને પ્રોહી/ જુગાર ની પ્રવૃતિ કરતા ઈસમોને ત્યાં રેઈડો કરવા સૂચના કરવામાં આવેલ જે સૂચના અન્વયે રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર વી મોરી તથા સર્વે લન્સ સ્ટાફના માણસો પેટ્રોલિંગની ફરજ પર હતા અને સર્વેલન્સ સ્ટાફના પોલીસ કોસ્ટેબલ સંજય વાલાભાઈ તથા સરમણ દેવાયત ભાઈનાઓ અગાઉ થી સંયુક્ત ખાનગી રહે બાતમી હકીકત મળેલ હોય જે હકીકત આધારે રણાવાવ એસટી બસ સ્ટેન્ડ સામે M મોબાઈલ નામની દુકાનના આરોપી ઈકબાલ કાસમભાઇ ઉંમર વર્ષ ૪૦,રહે, સિંધી જમાતખાના ની બાજુમાં તાલુકો રાણાવાવ વાળાની દુકાનમાં વરલી મટકા ના આંકડાનો જુગાર રમતા કુલ ૨ ઈસમોમાં દુકાનવાળા ઈકબાલ કાસમભાઈ ઉ.વ .૪૦, રહે સિંધી જમાતખાના ની બાજુમાં તાલુકો રાણાવાવ તથા ઈમરાન સતારભાઈ મીઠવાણી ઉ.વ. ૪૭, રહે મુડા મસ્જિદની બાજુમાં તાલુકો રાણાવાવવાળા ઓને રોકડ રૂપિયા ૪૪,૬૨૦ તથા મોબાઈલ ફોન નંગ -૨ કિંમત રૂપિયા ૧૦૦૦૦ મળી કુલ કી.રૂ. ૫૪૬૨૦ના મુદ્દામાલ સાથે રાણાવાવ પોલીસે ઝડપી પાડી



તમામ સામે જુગાર ધારા કલમ ૪,૫ મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવેલ છે. વરલી મટકાના જુગાર ખેલતા ત્રણ આરોપી પૈકી બે પકડાયા અને ત્રીજો આરોપી પ્રિયાંશ ઉર્ફે પીયુ નીતિનભાઈ ભટ્ટ રહે આદિત્યાણા ગામ તાલુકો રાણાવાવવાળો ફરાર થઈ જતા તેમને સામે કાર્યવાહી કરી આગળની પોલીસે તપાસ હાથ ધરી છે આ કામગીરી કરનાર અધિકારી કર્મચારીઓમાં રણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન એન તળાવીયા તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી.મોરી તથા પોલીસ કોન્સ્ટેબલ બી.જે.દાસા તથા પોલીસ કોન્સ્ટેબલ સરમણ દેવાયતભાઈ ,સંજય વાલાભાઈ, ભરત કાનાભાઈ, કૃણાલ સિંહ પ્રવીણ સિંહ દ્વારા કરવામાં આવેલા હતી

# નડિયાદથી પુત્રને મળવા જતાં દંપતીએ અમદાવાદ પ્લેન ક્રેશમાં જીવ ગુમાવ્યો

## મોડી રાત્રે મૃતદેહોની ઓળખ માટે ડીએનએ નમૂના લેવામાં આવ્યા હતા

• નરેશ ગનવાણી નડિયાદ

અમદાવાદમાં બનેલી પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ખેડા જિલ્લાના 17 પરિવારો એ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે. નડિયાદમાં રહેતા પવાર પરિવાર પણ એમાં શામેલ છે – મહાદેવભાઈ તુકારામ પવાર અને આશાબેન મહાદેવભાઈ પવાર પોતાના પુત્રને મળવા યુ કે જઈ રહ્યા હતા, એ પહેલા એ પોતાના પુત્રને છેલ્લો વીડિયો કોલ પણ કર્યો હતો. પરિવારના સભ્યો રમેશભાઈ પવાર અને અન્ય નડિયાદ વાસિઓ એ એ દંપતીને એઅરપોર્ટ પર મુકવા ગયા હતા. એ લોકો હજી ઘરે પાછા પણ ન પહોંચ્યા ત્યાં એ દુર્ઘટનાનો સમાચાર આવ્યા. કાકા-કાકી ગુમાવનાર ભત્રીજા મહેશભાઈ એ જણાવ્યું કે, "અમે એઅપોર્ટ પરથી પરત ફર્યા એ તરત જ પ્લેન ક્રેશના સમાચાર આવ્યા. પછી ફોન કરવા પ્રયત્ન કર્યો પણ કોઈ સંપર્ક



ન થઈ શક્યો. પરિવારજનો અમદાવાદ દોડ ગયા જ્યાં અસારવા હોસ્પિટલમાં મૃતદેહ રાખવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં અફડાતફડીનો માહોલ હતો – પરિવારજનો શોકમાં હતા, ત્યારે મોડી રાત્રે મૃતદેહોની ઓળખ માટે ડીએનએ નમૂના લેવામાં આવ્યા હતા.

# ડભોઈની પરિણીતા અને કુંવરવાડા ગામની યુવતી ગુમ થયાની ફરિયાદ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈની પરિણીતા અને કુંવરવાડા ગામની યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાવાઈ છે .પ્રથમ બનાવની વિગત મુજબ ડભોઈ રેલવે નવાપુરામાં રહેતા ૩૫ વર્ષના મયંક પ્રવીણ પરમારે ડભોઈ પોલીસમાં જણાવ્યું હતું કે તેમની ૨૩ વર્ષની પત્ની આરતીબેન અડધી બાયનું વાદળી રંગનું ટીશર્ટ અને ભૂરા રંગનું જીન્સનું પેન્ટ પહેરીને ૨૭મી મેના રોજ સવારે ૯:૦૦ વાગ્યે તૈયાર થયા હતા અને ગોધરા કેટરિંગના ઓર્ડર માટે જાવ છું કહી ઘરેથી નીકળ્યા બાદ પરત ફર્યા ન હતા. તેથી તપાસ બાદ છેવટે ગુમ થયાની ફરિયાદમાં જણાવ્યું હતું કે આરતીબેન મધ્યમ બાંધાના, ઘઉંવર્ણા, પાંચ ફૂટની હાઈટ ધરાવે છે. ગુજરાતી હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે.

બીજા બનાવની વિગત મુજબ ડભોઈ તાલુકાના કુંવરવાડા ગામના પાટણવાડીયા ફળિયામાં રહેતા ૪૬ વર્ષના ખેડૂત મુકેશ જયંતિ પાટણ વાડીયાએ ડભોઈ પોલીસમાં જણાવ્યું હતું કે નવમી તારીખે રાત્રે ૧૧:૦૦ વાગ્યા બાદ તેમની ૧૯ વર્ષની દીકરી જાનવીબેન કાળા રંગનો ડ્રેસ અને સફેદ રંગની ડિઝાઈન વાળી લેડીઝ પહેરી ઘરેથી કોઈને કશું કર્યા વગર ક્યાંક જતા રહ્યા છે. તપાસ બાદ તેની ભાળ નહીં મળતા ફરિયાદમાં જણાવ્યું હતું કે જાનવીબેન મધ્યમ બાધાના, ઘઉં વર્ણ, પાંચ ફૂટ ચાર ઈંચની હાઈટ ધરાવતા અને ગુજરાતી હિન્દી ભાષા જાણે છે તેના બધા જ વાળ કાળા છે અને ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે જાનવીબેનના ડાબા હાથમાં અંગ્રેજીમાં જે નામનું ટેટુ પડાવેલું છે.

ગોંડલ તાલુકા પોલીસે ૭ લાખથી વધુના મુદ્દામાલ સાથે અમદાવાદના મહમદની ધરપકડ કરી

# રાજકોટ-જુનાગઢ હાઈવે પર વિદેશી દારૂ ભરેલી કાર સાથે શખ્સ ઝડપાયો

• સુરેશ ભાલીયા જેતપુર

ગોંડલ તાલુકા પોલીસ ટીમ દ્વારા રાજકોટ-જુનાગઢ હાઈવે પરથી વિદેશી દારૂ ભરીને જુનાગઢ તરફ જતી કાર ઠેકાણે પહોંચે તે પૂર્વે જ ઝડપી લેવાઈ હતી. તાલુકા પોલીસે કારમાંથી જુદી જુદી બ્રાન્ડની ૧૨૯ નંગ વિદેશી દારૂની બોટલ સહિત કુલ ૭ લાખથી વધુના મુદ્દામાલ સાથે કાર ચાલકને ઝડપી લીધો છે.

આ સાથે વિદેશી દારૂ ભરાવી આપનાર સહિત કુલ બે વિરુદ્ધ ગુન્હો નોંધાયો છે. ગોંડલ ગ્રામ્ય વિસ્તારમાં પ્રોહીબીશન તથા જુગારની પ્રવૃતી સદંતર નેસ્ત-નાબુદ કરવા સુચના આપેલ હોય. જે અંગે પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમારના સીધા માર્ગદર્શન હેઠળ ગોંડલ તાલુકા



પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ ગોંડલ તાલુકા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન સર્વેલન્સ ટીમને સંયુક્ત રાહે ખાનગી હકીકત મળેલ કે, એક સિલ્વર કલરની સ્વીફ્ટ ફોર વ્હીલ કાર આટકોટ તરફથી ઈંગ્લીશ દારૂ ભરી જુનાગઢ તરફ જનાર છે. જે ગાડીની વોચ તપાસમા રહી સદરહુ હકીકત વાળી ગાડી રાજકોટ-જુનાગઢ ને.હા. ઉપર એશીયાટીક કોલેજ સામે મળી આવતા તેમાં તપાસ કરતા જુદી જુદી બ્રાન્ડની ૧૨૯ નંગ દારૂની બોટલ મળી આવી હતી પોલીસે દારૂ, સ્વીફ્ટ કાર, એક મોબાઈલ મળી કુલ રૂપિયા ૭.૮૧.૬૦૦ના મુદ્દામાલ સાથે આરોપી મહમદ નાવેદ સ/ઓ મહમદ જાવેદ અંસારી રહે. વસ્ત્રાપુર અમદાવાદ ધરપકડ કરી પુછપરછ કરતા માલ ભરાવી આપનાર શ્યામભાઈ પીતલીયા રહે અમદાવાદ ની શોધખોળ હાથ ધરી હતી બંને શખ્સો સામે પ્રોહીબીશનનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

# પ્રાંતિજ તાલુકા ની કમાલપુર , રામપુરા (આમોદરા ) , મોરવાડ સમરસ

• ઉમંગ રાવલ સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ની કુલ ૫૪ ગ્રામ પંચાયતો ની ચુંટણી યોજાવા જઈ રહી છે જેમા કમાલપુર , રામપુરા (આમોદરા) , મોરવાડ ત્રણ ગ્રામ પંચાયતો સમરસ થઈ તો ત્રણેય પંચાયતો સમરસ થતા ગ્રામજનો મા ખુશીનો માહોલ સર્જાયો હતો. પ્રાંતિજ તાલુકા ની ગ્રામ પંચાયત ની સામાન્ય તથા પેટા ચુંટણી યોજાવા જઈ રહી છે ત્યારે ચુટણી નો માહોલ જામ્યો છે તેવા મા પ્રાંતિજ તાલુકા ની ત્રણ ગ્રામ પંચાયતો કમાલપુર , રામપુરા (આમોદરા ) ,મોરવાડ ત્રણેય ગ્રામ પંચાયતો સમરસ થઈ હતી અને ત્રણેય પંચાયતો મા આઠેય આઠ વોર્ડ સમરસ થતા ગ્રામજનો મા ખુશીનો માહોલ જોવા મલ્યો હતો તો આ ત્રણેય પંચાયતો સમરસ થતા ગામના વિકાસ ના કામો ને પણ વેગ મળશે તો કમાલપુર ખાતે મહિલા સરપંચ તરીકે પટેલ બબીતાબેન મીઠાભાઈ ની પ્રસંગી થઈ હતી અને નામ જાહેર કરતા તેવો ના સમર્થકો સમાજ ના લોકો તથા ગ્રામજનો સહિત પૂર્વ ભાજપ તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને જાહેર થયેલ મહિલા સરપંચ ને ફુલહાર પહેરાવી ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો રામપુરા (આમોદરા) ખાતે પરમાર પારૂલબેન વિષ્ણુસિંહ ને સરપંચ તરીકે જાહેર થતા તેવોને પણ સર્મથકો સમાજ ના લોકો ગ્રામજનો દ્રારા ફુલહાર પહેરાવી ને અભિનંદન પાઠવ્યા હતા તો મોરવાડ ખાતે પણ ગ્રામ પંચાયત સમરસ થતા સરપંચ તરીકે ભીખુસિંહ મુળસિંહ પરમાર ને તેવોના સમર્થકો તથા સંગાસંબધીઓ સમાજ ના લોકો ગ્રામજનો દ્વારા ફુલહાર પહેરાવી શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

**ન્યૂઝ ફોકસ** માત્ર ત્રણ વર્ષની ઉંમરે જ ધાર્મિક સંસ્કારો એમાં આવવા લાગ્યા હતા, એનું શ્રેય તેની માતા કિંજલ મિસ્ત્રીને જાય છે, જે નડિયાદના શ્રી સંતરામ મંદિર સંચાલિત ગર્ભ સંસ્કાર કેન્દ્રમાં નિયમિત જતા હતા. જન્મના ત્રણ વર્ષ પછી માતાને લાગ્યું કે દીકરી એ અભ્યાસની સાથોસાથે અન્ય ક્ષેત્રમાં પણ શ્રેષ્ઠતા હાંસલ કરી શકે છે

# નડિયાદની નવ વર્ષની ધૂન મિસ્ત્રી એ ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું

## મહંત પૂજ્ય રામદાસજી મહારાજ અને સંત નિર્ગુણદાસજી મહારાજ એ પણ શુભેચ્છાઓ પાઠવીને દીકરીના ઉજ્જવલ ભવિષ્ય માટે આશિર્વાદ આપ્યા

• નરેશ ગનવાણી નડિયાદ


નડિયાદની માત્ર નવ વર્ષની દીકરી ધૂન મિસ્ત્રીએ ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવી નવું કિર્તિમાન સ્થાપિત કર્યું છે. ધૂન મિસ્ત્રીયે આંખે પાટા બાંધીને માત્ર ૩ મિનિટ અને ૯ સેકન્ડમાં અષ્ટાદશ શ્લોક ગીતાજી કંઠસ્થ પાઠ કર્યો હતો. એ સિવાય વિષ્ણુ સહસ્ત્રનામ, હનુમાન ચાલીસા અને સત્સંગ દીક્ષા પણ તેને સંપૂર્ણ રીતે યાદ છે.માત્ર ત્રણ વર્ષની ઉંમરે જ ધાર્મિક સંસ્કારો એમાં આવવા લાગ્યા હતા, એનું શ્રેય તેની માતા કિંજલ મિસ્ત્રીને જાય છે, જે નડિયાદના શ્રી સંતરામ મંદિર સંચાલિત ગર્ભ સંસ્કાર કેન્દ્રમાં નિયમિત જતા હતા. જન્મના ત્રણ વર્ષ પછી માતાને લાગ્યું કે દીકરી એ અભ્યાસની સાથોસાથે અન્ય ક્ષેત્રમાં પણ શ્રેષ્ઠતા હાંસલ કરી શકે છે.

એ પ્રમાણે રોજ એના પાઠ કરાવતા રહ્યા, જેના પરિણામે આજ એ ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવી શકીને નડિયાદનું ગૌરવ વધાર્યું છે. આ સિવાય એ ઈંગ્લિશ મિડિયમ શાળામાં સંસ્કૃત શ્લોક કે ધાર્મિક સ્પર્ધાઓમાં પણ હંમેશા અવ્વલ સ્થાન હાંસલ કરે છે. શ્રી સંતરામ મંદિરના મહંત પૂજ્ય રામદાસજી મહારાજ અને સંત નિર્ગુણદાસજી મહારાજ એ પણ શુભેચ્છાઓ પાઠવીને દીકરીના ઉજ્જવલ ભવિષ્ય માટે આશિર્વાદ આપ્યા છે.

નડિયાદ ની નવ વર્ષ ની ધૂન મિસ્ત્રીએ ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ માં સ્થાન મેળવ્યું. નડિયાદની માત્ર નવ વર્ષની દીકરી ધૂન મિસ્ત્રી એ . ત્રણ મિનિટ - 9 સેકન્ડમાં , અષ્ટાદસ સ્લોકી ગીતાજી , આંખે પાટા બાંધી કંઠસ્થ કરી જઈ , ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ મા સ્થાન મેળવ્યું છે. આટલું જ નહીં , વિષ્ણુ સહસ્ત્ર, હનુમાન ચાલીસા , સત્સંગ દીક્ષા બધું જ કંઠસ્થ છે. માત્ર ત્રણ વર્ષની ઉંમરથી આ ધાર્મિકતા દીકરીમાં આવી છે. તેનું કારણ તેની માતા કિંજલ મિસ્ત્રી શ્રી સંતરામ મંદિર નડિયાદ સંચાલિત ગર્ભ સંસ્કાર કેન્દ્રમાં , દીકરી ગર્ભમાં હતી ત્યારથી જ જતા હતા.

જન્મના ત્રણ વર્ષ પછી માતાને એમ લાગ્યું અભ્યાસની સાથે દીકરી અન્ય પણ ઘણું કરી શકે છે.

એટલે રોજ ઉપરોક્ત પાઠ કરાવતી.... અને આજે અષ્ટાદશ શ્લોકી ગીતા એક જ જગ્યાએ બેસી વાંચ્યા વગર, પાટા બાંધી માત્ર ત્રણ મિનિટ નવ સેકન્ડમાં બોલી જતાં ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માં દીકરી ને સ્થાન મળ્યું છે. આ ઉપરાંત ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં સંસ્કૃત શ્લોક હોય , કે ધાર્મિક કોઈ સ્પર્ધા આ દીકરી તેમાં ભાગ લઈ સ્પર્ધા તો જીતે જ છે. શ્રી સંતરામ મંદિર ના મહંત પૂ રામદાસજી મહારાજ તેમજ સંત નિર્ગુણદાસજી મહારાજે શુભકામના પાઠવી આશીર્વાદ પાઠવ્યા



### અકસ્માત બાદ AIની ફ્લાઈટના શિડ્યુલ ખોરવાયા!

# બેંગકોક-સુરત ફ્લાઈટ સમયસર ટેકઓફ ન થતા મુસાફરે વીડિયો બનાવી વાઈરલ કર્યો



• સુરત

અમદાવાદમાં એર ઈન્ડિયાના પ્લેન ક્રેશની ઘટના બાદ ગુજરાતના અલગ અલગ શહેરોમાં આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટના શિડ્યુલ ખોરવાયા છે. આજે (13 જૂને) એર ઈન્ડિયા એક્સપ્રેસની બેંગકોક-સુરતની ફ્લાઈટ ટેકઓફ થઈ શકી ન હતી. જ્યારે શારજાહથી સુરત આવતી ફ્લાઈટમાં પણ 5 કલાકથી વધુ મુસાફરોએ બેસી રહેવું પડ્યું છે. તો દિલ્હીથી વડોદરા આવતી ફ્લાઈટ દોઢ કલાક લેટ હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે રાજકોટમાં સાંજના સમયે દિલ્હીથી આવેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને લેન્ડિંગ થવામાં મુશ્કેલી પડતા મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા. ફ્લાઈટે હવામાં બે ચક્કર લગાવ્યા હતા. જો કે, બાદમાં લેન્ડિંગ થતા મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થયાના બીજા જ દિવસે એર ઈન્ડિયા એક્સપ્રેસની બેંગકોક-સુરત અને શારજહા સુરતની ફ્લાઈટ છેલ્લા પાંચ કલાકથી વધુ સમયથી ટેકઓફ થઈ નથી. બેંગકોક-સુરતની ફ્લાઈટના એન્જિનમાં થ્રસ્ટનો પ્રોબ્લમ આવતા ટેકઓફ થઈ શકી ન હતી. જેને કારણે ફ્લાઈટમાં બેસી ચૂકેલા 190 પેસેન્જરોને ફરી ઉતારવા પડ્યા હતા. જ્યારે શારજાહ-સુરતની ફ્લાઈટમાં છેલ્લા પાંચ કલાકથી 170થી વધુ મુસાફરોને બેસાડી રાખવામાં આવ્યા છે. જોકે તેમને કોઈ પણ પ્રકારની માહિતી આપવામાં આવી નથી.

એર ઈન્ડિયા એક્સપ્રેસ બેંગકોક-સુરત અને શારજાહ-સુરતના ઓપરેશન માટે બોઈંગ-737-મેક્સ-8 એરક્રાફ્ટને ઉપયોગમાં લઈ રહી છે. દરમિયાન આજે (શુક્રવાર) બેંગકોક એરપોર્ટથી સુરત માટે ફ્લાઈટ 15:15 કલાકે ટેકઓફ થનારી હતી. ત્યારબાદ ફ્લાઈટ નો ટાઈમ 16:45 કરવામાં આવ્યો હતો. ફ્લાઈટમાં 190 પેસેન્જરો બેસી પણ ગયા હતા. જો કે, ફ્લાઈટના ટેકઓફ પહેલા ઈજનેરી ટીમે એન્જિનની તપાસ કરી હતી.

બોઈંગ-737-મેક્સ-8 એરક્રાફ્ટના એન્જિનમાં થ્રસ્ટનો પ્રોબ્લેમ જણાઈ આવ્યો હતો. જેથી ફ્લાઈટમાં બેઠેલા 190 પેસેન્જરોને ફરી ઊતારવા પડ્યા હતા. જે પછી ઈજનેરી ટીમે થ્રસ્ટની ટેક્નિકલ ખામી સુધારવાની કામગીરી હાથ ધરી હતી. છ કલાકથી વધુ સમય થઈ ગયો ફ્લાઈટના એન્જિનની થ્રસ્ટની ટેક્નિકલ ખામી સુધરી ના હતી. જેને કારણે 190 પેસેન્જરોનો પ્રવાસ બગડ્યો હતો.

### મૃતકોના પરિવારમાં શોકનો માહોલ છવાયો

# અમદાવાદ પ્લેન ક્રેશની ઘટનામાં ત્રણ સુરતીઓએ જીવ ગુમાવ્યા

• સુરત

અમદાવાદમાં પ્લેન ક્રેશની ઘટનાની અંદર અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે જેમાં સુરતના પણ ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. લંડનમાં મિત્ર સાથે મળીને મોલ શરુ કરવા માટે જનારા સુરતના જયેશ ગોંડલીયા અને સુરતના જાણીતા જનરલ અને લેપ્રોસ્કોપી સર્જન ડો. હિતેશ ડી. શાહ અને તેમના પત્ની ડો. અમિતા શાહ પણ આ પ્લેનમાં જ હતા. હાલ પ્લેન ક્રેશમાં સ્વજનોના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

જયેશ ગોંડલીયા વિદેશમાં ભણવા જનારા બાળકોને વિઝા અપાવા સહિતની અલગ-અલગ કામગીરી કરતો હતો. અત્યાર સુધીમાં તેણે સુરતથી અલગ-અલગ દેશોમાં 1200 કરતા વધારે વિદ્યાર્થીઓને મોકલ્યા હતા. સુરત શહેરમાં ત્રણ ઓફિસ તેમજ અન્ય દેશો અને ગુજરાત રાજ્યમાં અલગ-અલગ જગ્યાએ શરૂ કરી હતી.

લંડન જવાનું તેમણે એક અઠવાડિયા પહેલા નક્કી કરી લીધું હતું પરંતુ તેમનો નાનો ભાઈ જલ્પેશ કેદારનાથ યાત્રાએ ગયો હતો. તેથી નાનો ભાઈ કેદારનાથ જઈને ઘરે પરત ફરે ત્યારબાદ તેમણે જવાનું નક્કી કર્યું હતું અને ટિકિટ પણ એ રીતે જ તેમણે લીધી હતી. ભાઈ યાત્રા પૂરી કરીને આવ્યો ને તે લંડન જવા નીકળ્યો. તેની એક બહેન પણ લંડન જ રહે છે તેને પણ તે મળવા જવાના હતા.

જયેશના પિતા દામજીભાઈ ગોંડલીયાએ જણાવ્યું કે, મારો દીકરો વિદ્યાર્થીઓને વિઝા આવવાનું કામ કરતો હતો તેમજ અન્ય કામગીરી સાથે પણ સંકળાયેલો હતો. વિદેશમાં પણ તેણે પોતાની ઓફિસો શરૂ કરી રાખી હતી. આ વખતે તે પોતાના મિત્ર દ્વારા એક મોલ શરૂ કરવામાં આવ્યો હતો એ મોલની અંદર પોતે ભાગીદારીનું વિચારીને જતો હતો. તેથી, એને મને કહ્યું હતું કે એક મોલ શરૂ થઈ રહ્યો છે. તેમાં ભાગીદારી કરવી છે એટલે હું લંડન જઈ આવ છું અને બહેનને પણ મળતો આવું છું.

જયેશના ભાઈ અમિત સોરઠીયાણી જણાવ્યું કે, અમને જ્યારે જાણ થાય ત્યારે અમે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. પ્લેન ક્રેશ થયો હોવાની વાત અમને માલૂમ પડતા જ તપાસ કરી તો ધ્યાનમાં આવ્યું કે, અમારો ભાઈ જયેશ પણ એ જ ફ્લાઈટમાં છે તરત જ એમના નાના ભાઈ સાથે અમારો સંપર્ક થયો. જલ્પેશ અને હું અમે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા જ્યાં મૃતદેહને ઓળખો ખૂબ જ અઘરું હતું.

### દમણ ભાજપે અર્ધી કાઠીએ ફરકાવ્યો ધ્વજ, નેતાઓ દીવ રવાના

# વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દીવના 15 લોકોને શ્રદ્ધાંજલિ

**• એકનું ઘટના સ્થળે તો એકનું હોસ્પિટલમાં મોત**

• વલસાડ

અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171ની દુર્ઘટનાએ દમણ-દીવમાં શોકની લહેર ફેલાવી છે. 12 જૂન, 2025ના રોજ લંડન જતી આ ફ્લાઈટ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થઈ હતી.

વિમાનમાં સવાર 242 મુસાફરોમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ અને 1 કેનેડિયન નાગરિકનો સમાવેશ થતો હતો. દુર્ઘટનામાં તમામ મુસાફરો સહિત જમીન પર પણ કેટલાક લોકોના મોત થયા છે.




દમણ અને દીવના 16 યાત્રીઓમાંથી 15ના મોતને પગલે સંઘપ્રદેશમાં શોકની લાગણી છવાઈ છે. દમણ ભાજપ કાર્યાલય ખાતે ધ્વજ અર્ધી કાઠીએ ફરકાવવામાં આવ્યો છે. ભાજપના નેતાઓ મૃતકોના પરિવારજનો સાથે સંવેદના વ્યક્ત કરવા દીવ રવાના થયા છે.

દમણ ભાજપ પ્રમુખ દીપેશ ટંડેલ અને દમણ મુસ્લિમ એસોસિએશનના પ્રમુખ ખુર્શીદ માંજરાએ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

### યાર્ન ટ્રેડિંગનો ધંધો ન કરતા હોવા છતાં બોગસ સ્ટોક સ્ટેટમેન્ટ બનાવી રજૂ કર્યા હતા

# 16.38 કરોડ લોન લેનાર મુખ્ય આરોપીની ધરપકડ:પત્ની સહ આરોપી

• સુરત

સુરતની આર્થિક ગુના નિવારણ શાખાએ તમિલનાડુ મર્કન્ટાઈલ બેંકમાંથી 16.38 કરોડની લોન લઈને બેંકને આર્થિક નુકસાન પહોંચાડવાના ગુનામાં મુખ્ય આરોપી અશોક કાળુભાઇ કાનપરીયાનીની ધરપકડ કરવામાં આવી છે. આ પ્રકરણમાં અગાઉ 28 જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે ત્યારે સુરતમાંથી વધુ એક આરોપીને ઝડપવામાં પોલીસને સફળતા મળી છે. જ્યારે મુખ્ય આરોપીની પત્ની સહ આરોપી હતી.

ફરિયાદી પ્રભાકર કાલીઅપ્પા નાડાર (રહે. ઓફીસ બી/2 વોલ સ્ટ્રીટ, પહેલો માળ, ઓરીયંન્ટ ક્લબની સામે, એલીસ બ્રિજ, અમદાવાદ) દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, આ ગુનામાં સંડોવાયેલા તમામ આરોપીઓ જેમાં લોન લેનારા, તમિલનાડુ મર્કન્ટાઈલ બેંક, રીંગરોડ શાખા, સુરતના બેંક મેનેજર આર. સુંદર, ગેરેન્ટર અને વેલ્યુઅરનો સમાવેશ થાય છે. તેમણે એકબીજાની મદદગારીથી લોન લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

આરોપીઓએ ખોટા સ્ટોક બીલો રજૂ કરીને લોન મંજૂર કરાવી હતી. આ લોનના રૂપિયા ધંધા માટે લીધા હોવાનું દર્શાવીને તેઓએ વાસ્તવમાં કોઈ ધંધો ન હોવા છતાં બોગસ પેઢીઓ ઉભી કરી હતી. આ બોગસ પેઢીઓના નામે લોન લઈ મોર્ગેજમાં મૂકેલ પ્રોપર્ટીની વેલ્યુ ઓછી હોવા છતાં ઉંચી કિંમતના ખોટા વેલ્યુ રીપોર્ટ બનાવી તેને સાચા તરીકે રજૂ કર્યા હતા. આ લોનના રૂપિયાનો ઉપયોગ પોતાના અંગત ખર્ચમાં કરીને બેંકને કુલ 16,38,00,000નું આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું.

### સુરત સિવિલથી વધુ એક અંગદાન

# 45 વર્ષીય બ્રેઈનડેડ મહિલાના લીવર અને બે કિડનીના દાનથી ત્રણને નવજીવન

**• એકનું ઘટના સ્થળે તો એકનું હોસ્પિટલમાં મોત**

• સુરત

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં 66મું સફળ અંગદાન થયું છે. નવસારી જિલ્લાના જલાલપોરના મોટીમેલણ ફળિયા ખાતે રહેતા રાઠોડ પરિવારના બ્રેઈનડેડ મહિલાના બે કિડની અને એક લીવર દાન થતા ત્રણ જરૂરિયાતમંદ નવજીવન મળશે.

મળતી માહિતી પ્રમાણે નવસારી જિલ્લાના જલાલપોરના મોટીમેલણ ફળિયા ખાતે રહેતા 45 વર્ષીય ધનકીબેન છનાભાઈ રાઠોડ એક મહિના પહેલા ખેતીમજૂરી કરતી વેળાએ પડી જવાથી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. માથાના ભાગે ઈજા પહોંચતા નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તબિયત સ્વસ્થ થવાથી ડિસ્ચાર્જ કર્યા હતા. આ અકસ્માતમાં માથાના ભાગે ઈજા થવાથી થોડા દિવસ બાદ ફરી ગભરામણ અનુભવતા નવસારી સિવિલમાં સારવાર અર્થે દાખલ થયા હતા.

ધનકીબેનની હાલત વધુ ગંભીર જણાતા તા.10મી જૂને વધુ સારવાર અર્થે 108 એમ્બ્યુલન્સમાં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડમાં રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં તબિયત લથડતા ICUમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. જ્યાં બે દિવસની સઘન સારવાર બાદ તા.12મીએ મોડી રાત્રે આર.એમ.ઓ. ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ન્યુરોસર્જન ડો.કેયુર પ્રજાપતિ, ન્યુરોલોજિસ્ટ ડો.જય પટેલે બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.રાઠોડ પરિવારને સોટોની ટીમના ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, કાઉન્સેલર નિર્મલા કાછુડે અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. પતિ છનાભાઈ ચુનાભાઈ રાઠોડે દુ:ખની ઘડીમાં પણ અંગદાન માટે ભારે હૈયે સંમતિ આપી હતી. સ્વ. ધનકીબેન ને જાગુબેન, શારદાબેન, વનિતાબેન એમ ત્રણ દીકરીઓ તથા ભુલાભાઈ પુત્ર છે. આજે બ્રેઈનડેડ ધનકીબેનના લીવર અને બે કિડની અમદાવાદની આઈ.કે.ડી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા. નવી સિવિલ તંત્રના સફળ પ્રયાસોના પરિણામે આજે વધુ એક અંગદાન સાથે 66મું અંગદાન થયું છે.

### બારીની બહાર AC રીપેરીંગ કરતા સમયે નીચે પટકાયા

# સુરતમાં બે મિત્રનું સાતમા માળેથી નીચે પટકાતા મોત

**• એકનું ઘટના સ્થળે તો એકનું હોસ્પિટલમાં મોત**

• સુરત

સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલા શાલીભદ્ર કોમ્પ્લેક્સ ખાતે આજે ગંભીર ઘટના બની હતી. બે એસી રીપેરીંગ કરતા કારીગર મિત્રો સાતમા માળે બારીની બહાર રહેલા એસી રીપેરીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન અકસ્માતે નીચે પટકાયા હતા. જેથી એકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

મળતી માહિતી પ્રમાણે, મૂળ સુરત અને રાંદેર ખાતે આવેલી માળીયા સ્ટ્રીટ ખાતે 42 વર્ષીય હસન નિઝામુદીન સૈયદ પરિવાર સાથે રહેતો હતો. હસન મિત્ર કારીગર ઝાકીર હુસેન ગુલામનબી શેખ (ઉ.વ. 32 રહે. એસએમસી ક્વોટર્સ ભાગ્યલક્ષ્મી રોડ જહાંગીરપુરા) સાથે આજે સવારે 11:30 વાગ્યાના અરસામાં નાનપુરા કૈલાશ નગર શાલીભદ્ર કોમ્પ્લેક્સમાં એસી રીપેરીંગ કરવા માટે ગયા હતા.

શાલીભદ્ર કોમ્પ્લેક્સમાં સાતમા માળે બારીની બહાર રહેલ એસી રીપેરીંગ કરી રહ્યા હતા. દરમિયાન સાતમા માળે બારીની બહાર આઉટડોર એસીનું રીપેરીંગ કામ કરતા હતા. તે સમયે અકસ્માતે હસન અને ઝાકીર નીચે પટકાયા હતા. જેમાં હસનનો ગંભીર ઈજાને પગલે ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે ઝાકીરને ગંભીર જાગ્રતા હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ઝાકીરને ફરજ પરના તબિબે જોઈ તપાસી અમૃત જાહેર કર્યો હતો.

વધુમાં ઝાકીરના છ સાત મહિના પહેલા જ લગ્ન થયા હતા અને બંને સુરતના રહેવાસી છે. આ બનાવ અંગે વધુ આગળની તપાસ અઠવા પોલીસ કરી રહી છે. બંને મિત્રોના અકસ્માતે મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

### દમણ પોલીસે 2.99 લાખનું ટીવી જપ્ત કર્યું

# એમેઝોનના પાર્સલ સાથે છેતરપિંડી કરનાર ગેંગનો પર્દાફાશ, પાંચની ધરપકડ

• વલસાડ

દમણ પોલીસે એમેઝોન પાર્સલ છેતરપિંડી કરતી આંતરરાજ્ય ગેંગને ઝડપી પાડી છે. આ કેસની શરૂઆત 29 મે, 2025ના રોજ થઈ. શમશેર અલીએ નાની દમણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કે તેમનું 2.99 લાખની કિંમતનું સોની બ્રાવિયા 75 ઈંચ 4K અલ્ટ્રા HD LED ટીવી બદલીને જૂનું સેમસંગ ટીવી મૂકી દેવામાં આવ્યું છે.પોલીસે સીસીટીવી ફૂટેજ, માનવ માહિતી અને તકનીકી વિશ્લેષણના આધારે તપાસ શરૂ કરી. પાર્સલ ડિલિવરી કરનાર ટેમ્પો ડ્રાઈવર આરિફ અલી અને ડિલિવરી એજન્ટ ગુલામ હુસૈન શંકાના દાયરામાં આવ્યા. એમેઝોનમાંથી બુકિંગ કરનાર વ્યક્તિની માહિતી મેળવવામાં આવી.તપાસમાં જાણવા મળ્યું કે, આરોપીઓ સુરતના રહેવાસી છે. તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવીને પૂછપરછ કરતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું. આરોપીઓએ પહેલાં એમેઝોન ઓફિસ અને કુરિયર ક્ષેત્રમાં કામ કર્યું હતું. તેઓ સાથી મળીને એમેઝોન પાર્સલમાંથી કિંમતી વસ્તુઓની ચોરી કરતા હતા.

પોલીસે દમણ, સુરત અને રાજસ્થાનમાંથી પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. વિજય રાજાભાઈ બોલિયા, વિકાસ માંગીલાલ ખટીક, રૂપવટીયા ચિરાગભાઈ મનસુખભાઈ, મોહમ્મદ આરિફ અને લાખારામ શાંતિલાલ પોલિટને પકડી પાડવામાં આવ્યા છે. તેમની પાસેથી ચોરાયેલું ટીવી અને ટેમ્પો જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસ હવે વધુ આરોપીઓ અને અન્ય ઘટનાઓની તપાસ કરી રહી છે. આ કેસથી દમણ અને આસપાસના વિસ્તારોમાં થયેલી પાર્સલ છેતરપિંડીના કેસો ઉકેલવામાં મદદ મળશે.

# શ્રી માણેકચોક સોના-ચાંદી દાગીના એસોસિએશન દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



• અમદાવાદ

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્ડિયન રેડ કોર્સ સોસાયટી ના સહયોગથી મેગા બ્લડ ડોનેશન કેમ્પ માં આજરોજ શ્રી માણેકચોક સોના ચાંદી દાગીના એસોસિએશન દ્વારા રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ માં માણેકચોક સોના ચાંદી દાગીના એસોસિએશન ના પદાધિકારીઓ તેમજ અગ્રણી વેપારીઓ જોડાયા હતાં. પ્રમુખશ્રી સંપતલાલ જૈન સેક્રેટરી શ્રી નિરવભાઈ શાહ વાઈસ પ્રેસિડેન્ટ અરવિંદભાઈ પટેલ ખજાનચી વિપુલ શાહ તેમજ બ્લડ ડોનેશન કમિટી પુલિન ઝવેરી, યોગેશ ભોજવાણી, મનિષ પટેલ, કનુભાઈ પટેલ, નેહલ ભાટિયા, કમલેશ ચોકસી, મિતેષ પટેલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પ માં મોટી સંખ્યામાં રક્તદાતાઓ એ રક્તદાન કર્યું હતું તે બદલ પ્રમુખશ્રી એ સૌ રક્તદાતાઓ નો આભાર માન્યો હતો.

# ભરૂચના અંગારેશ્વરમાં વૃદ્ધને હેરાનગતિના આક્ષેપો, કલેક્ટરને આવેદનપત્ર અપાયું

• ભરૂચ

ભરૂચના વાલ્મિકી સમાજ દ્વારા અંગારેશ્વર ગામે વાલ્મિકી સમાજના વૃદ્ધને કેટલાક શખ્સો હેરાનગતિ કરતા હોવાના આક્ષેપ સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ભરૂચના વાલ્મિકી સમાજના આગેવાનો દ્વારા આજરોજ ભરૂચ કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતું જેમાં જણાવ્યા અનુસાર ભરૂચ તાલુકાના અંગારેશ્વર ગામે રહેતા જગદીશ સોલંકીના ઘરે નિકોરા ગામમા રહેતા તોસીફ રાજ, સબ્બીર, મોઈન, સલીમ તથા સરફરાજ સહિતના શખ્સોએ જગદીશભાઈની દિકરી જમાઈને મકાન ખાલી કરી દેવા ધમકી આપી હતી.

ત્યાર બાદ બીજા દિવસે તોસિફ રાજ અને અન્ય શખ્સોએ જેસીબી થી મકાન તોડી પાડી દીકરીને માર માર્યો હતો અને શારીરિક અડપલા પણ કર્યા હોવાના આક્ષેપ કર્યા છે. મકાન અંગેનો મામલો કોર્ટમાં હોવા છતાં માથાભારે ઈસમો દાદાગીરી કરી રહ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે ત્યારે આ સમગ્ર મામલે વાલ્મિકી સમાજ અને વૃદ્ધ દ્વારા ન્યાયની માંગ કરવામાં આવી છે.





# 3 વર્ષ સુધી કામ વગર બેસી રહી, કોઈ પસ્તાવો નથી, સમય સૌથી બળવાન : આમના શરીફ

મુંબઈમાં 16 જુલાઈ, 1982ના રોજ જન્મેલી આમના શરીફ 2000ના દાયકામાં ભારતીય ટેલિવિઝનના સૌથી લોકપ્રિય ચહેરાઓમાંની એક હતી. આમના શરીફે 2003માં “કહીં તો હોગા” સીરિયલમાં કશિશની ભૂમિકાથી ખૂબ નામના મેળવી હતી. આ સીરિયલમાં તેની સુંદરતાએ દર્શકોનું દિલ જીતી લીધું, અને તે ઘરે-ઘરે જાણીતી બની હતી. પરંતુ 2013માં લગ્ન બાદ તેણે ટીવીથી બ્રેક લીધો. 2019માં તેણે “કસૌટી જિંદગી કી”માં કોમોલિકાની ભૂમિકા ભજવીને કમબેક કર્યું, જેને દર્શકોએ પસંદ કરી. ત્યાર બાદ અભિનેત્રી વર્ષ 2022માં વેબ સીરિઝ ડેમેજ સિઝન 3 અને આધા ઈશ્કમાં જોવા મળી હતી. ત્રણ વર્ષના લાંબા સમય પછી આમના શરીફે ટેલિવિઝનથી બોલિવૂડમાં કમબેક કર્યું છે. આમનાએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે તેણે તેની મરજી મુજબ કામ પર બ્રેક લેવાનો નિર્ણય લીધો હતો. તેણે કહ્યું કે ' મેં મારા જીવનમાં બધી રીતે ઉતાર-ચઢાવ જોયા છે, મારી પાસે કોઈ કામ નહોતું. કેટલાક સમયથી નહીં કેટલાક વર્ષોથી હું કામ વગર બેસી રહી છું. મને ખબર છે કે મારો નિર્ણય ખોટો હતો, પણ હું એટલું જ કહીશ કે મને કોઈ પસ્તાવો નથી કે મે આટલો લાંબો બ્રેક લીધો. મને લાગે છે એકટરના જીવનનો આ એક ભાગ હોય છે, દરેક એક્ટરના જીવનના સફરમાં આ બાબતો પણ તેના હિસ્સે આવે છે. પરંતુ મેં એક એક્ટ્રેસ તરીકે ઘણો વિકાસ કર્યો છે. આ જીવનના તબક્કાએ મને ઘણી બધી વસ્તુઓની કિંમત કરવાનું શીખવ્યું છે. હું એટલુ કહીશ કે એક વ્યક્તિ તરીકે પણ તે સમયે ઘણો વિકાસ કર્યો છે. જેની માટે મે ક્યારે પણ વિચાર્યું પણ નહોતું‘

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોને અનુપમ ખેરે ભાવુક થઈ શ્રદ્ધાંજલિ આપી

## શોકગ્રસ્ત પરિવારો માટે સહાનુભૂતિ આપતો વીડિયો શેર કર્યો


મુંબઈઃ અમદાવાદમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું તે મુદ્દે અનેક લોકોએ દુઃખ વ્યક્ત કર્યું છે. એર ઈન્ડિયાના પ્લેન ક્રેશ દુર્ઘટના મામલે દિગ્ગજ અભિનેતા અનુપમ ખેરે શોક વ્યક્ત કરતા વીડિયો શેર કર્યો છે. શોકગ્રસ્ત પરિવારો માટે સહાનુભૂતિ આપતો અનુપમે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં તેમણે આ ઘટના વિશે વાત કરી છે. આ ઘટનાને ભારતીય ઈતિહાસની સૌથી ખરાબ ઉડ્ડયન અકસ્માતોમાંની એક તરીકે વર્ણવવામાં આવી છે.



આ વીડિયો પ્રમાણે વાત કરવામાં આવે તો, અનુપમ ખેરે કહ્યું કે, ‘અમદાવાદમાં થયેલ વિમાન દુર્ઘટના ફક્ત સમાચાર નથી. તે દુઃખનો પહાડ છે જેણે ઘણા ઘરો તોડી નાખ્યા છે. તે વિમાન ફક્ત એક મશીન નહોતું. તે એક ગતિશીલ આશા હતી જેમાં આપણા પ્રિયજનો બેઠા હતા. કોઈ ભારતનું હતું, કોઈ વિદેશનું હતું. કોઈ કોઈની માતા હતી. કોઈ પોતાના દીકરા પાસે પરત ફરી રહ્યું હતું. કોઈ કામ પર જઈ રહ્યું હતું. કોઈ રજા પછી ઘરે જઈ રહ્યું હતું. પરંતુ કોઈને ખબર નહોતી કે આ યાત્રા તેમની છેલ્લી યાત્રા બની જશે.’

આ દુર્ઘટના દેશ માટે ખૂબ જ ભયાનક છે. અનુપમ ખેરે કહ્યું કે, આજે આપણે બધા તેમની સાથે છીએ જેમણે પોતાનું સ્વજન ગુમાવ્યું છે. વધુમાં કહ્યું કે, આજે ન તો ભાષા કામની છે, ન તો તર્ક. હું ફક્ત એક વાત કહેવા માંગુ છું. અમે તમારી સાથે છીએ. આખી માનવતા તમારી સાથે છે. અને આ દેશ દરેક અસરગ્રસ્ત પરિવારને સલામ કરે છે. ઓમ શાંતિ, નમન અને શ્રદ્ધાંજલિ.’ તેમણે જે શીર્ષક લખ્યું હતું તેના માટે, ‘અમદાવાદ વિમાન દુર્ઘટના - શ્રદ્ધાંજલિ! ઓમ શાંતિ.’

# અમદાવાદ પ્લેન ક્રેશ પર પોસ્ટ કરીને અમિતાભ બચ્ચન નેટિઝન્સનો શિકાર થયા



બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચનએ ઘટનાના 24 કલાક બાદ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને દુર્ઘટનાનો ભોગ બનનારા લોકો પ્રત્યે સંવેદનાઓ વ્યક્ત કરી છે. બિગ બીની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. હંમેશા સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતાં બિગ બી છેલ્લાં કેટલાક સમયથી સોશિયલ મીડિયાને કારણે જ ટ્રોલ્સના નિશાના પર આવી રહ્યા છે. બિગ બીની આ પોસ્ટ પર નેટિઝન્સ ભડક્યા છે, ચાલો જોઈએ આખરે બિગ બીએ પોસ્ટમાં શું કહ્યું છે- અમિતાભ બચ્ચને દુર્ઘટનાના 24 કલાક બાદ એટલે આજે બપોરે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. તેણે આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ ઘટનાને કારણે તેઓ સુન્ન થઈ ગયા છે. બિગ બીની પોસ્ટ પરથી ખ્યાલ આવે છે કે આ દુર્ઘટનાને કારણે તેમને આઘાત લાગ્યો છે. બિગ બીએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે હે ભગવાન, ભગવાન સ્તબ્ધ, સુન્ન ઈશ્વર કૃપા, હૃદયથી પ્રાર્થનાઓ આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ધૂમ વાઈરલ થઈ રહી છે. જોકે, આ પોસ્ટ પર હવે નેટિઝન્સના જાત જાતના રિએક્શન આવી રહ્યા છે. લોકો સવાલ કરી રહ્યા છે કે જે ઘટના પર આખો દેશ ગઈ કાલથી વાત કરી રહ્યો છે એના પર પોસ્ટ કરવા માટે મેગા સ્ટારને 24 કલાક લાગ્યા? એક યુઝરે બિગ બીની આ પોસ્ટ પર કમેન્ટ કરતાં લખ્યું હતું કે હે ભગવાન, 23 કલાક બાદ જ્યારે આખો દેશ રડી રડીને થાકી ગયો, જ્યાં જુઓ ત્યાં બસ કાટમાળ, આગની જ્વાળાઓ અને મૃતદેહો છિન્ન-ભિન્ન અવસ્થામાં પડ્યા હતા, ત્યારે મહાનાયકની ઉંઘ ઊડી, સ્તબ્ધ સુન્ન હૃદયથી પ્રાર્થનાઓ ખાલી આટલું બોલીને ફરી ચૂપ બીજા એક યુઝરે લખ્યું હતું કે ઘટનાથી સ્તબ્ધ થઈ ગયા હતા કે બેહોશ થઈ ગયા હતા? હમણાં હોંશમાં આવ્યા એટલે આજે ટ્વીટ કરી રહ્યા છે..

# ધર્મેન્દ્રએ પહેલી પત્ની સાથે 71મી વેડિંગ એનિવર્સરી ઉજવી, ફોટો વાઈરલ

## ધર્મેન્દ્ર અને પ્રકાશ કૌરના લગ્ન 1954માં થયા હતા

બોલીવૂડના હેન્ડસમ હંક ગણાતા 89 વર્ષીય અભિનેતા ધર્મેન્દ્રએ ડ્રીમ ગર્લ હેમા માલિની સાથે બીજા લગ્ન કર્યા હતા, પણ પોતાની પહેલી પત્નીને તેમણે ડિવોર્સ નહોતા આપ્યા. ધર્મેન્દ્રના પહેલાં પત્નીનું નામ પ્રકાશ કૌર છે અને ધર્મેન્દ્ર બંને પત્નીઓ અને પરિવાર સાથે સમય પસાર કરતાં જોવા મળે છે. હાલમાં જ ધર્મેન્દ્રએ પ્રકાશ કૌર સાથે 71મી વેડિંગ એનિવર્સરી સેલિબ્રેટ કરી હતી, જેના ફોટો દીકરા બોબી દેઓલે સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા.

બોબી દેઓલે ફોટો શેર કરતાં લખ્યું હતું કે હેપ્પી એનિવર્સની મા અને પાપા. શેર કરેલાં ફોટોમાં ધર્મેન્દ્રના ગળામાં માળા જોવા મળી રહી છે અને કેમેરા સામે પોઝ આપી રહ્યા છે તો પાછળથી પત્ની પ્રકાશ કૌર તેમને હગ કરી રહ્યા છે.

ધર્મેન્દ્ર અને પ્રકાશ કૌરના લગ્ન 1954માં થયા હતા. એક્ટરે બોલીવૂડ ડેબ્યુ પહેલાં પ્રકાશ કૌર સાથે લગ્ન કરી લીધા હતા અને એ સમયે તેમની ઉંમર 19 વર્ષની હતી. ધર્મેન્દ્ર અને પ્રકાશ કૌરને ચાર સંતાનો છે. બંનેની 71મી વેડિંગ એનિવર્સરી



હતી. ધર્મેન્દ્ર અને હેમા માલિની 1970માં ફિલ્મ તુમ હસીન મેં જવામાં જ્યારે કામ કરી રહ્યા હતા ત્યારે મળ્યા હતા. બંને જણ થોડોક સમય સુધી રિલેશનશિપમાં રહીને આખરે લગ્ન કરી લીધા હતા. આ લગ્નથી ધર્મેન્દ્ર અને હેમા માલિનીને બે દીકરીઓ છે નામે ઈશા અને આહાના.

# દિલજીત દોસાંઝની સરદારજી-3 ભારતમાં રિલીઝ નહીં થાય?



મુંબઈ: દિલજીત દોસાંઝની આગામી ફિલ્મી સરદાર જી 3 રીલીઝ થતા પહેલા જ વિવાદોના વંટોળમાં ફસાઈ છે. ફિલ્મમાં પાકિસ્તાની કલાકારોની હાજરી અને લાગણીઓ દુભાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. સૂત્રોની જાણકારી પ્રમાણે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE) એ દિલજીત દોસાંઝની આગામી ફિલ્મ ‘સરદાર જી 3’ ને સેન્સર પ્રમાણપત્ર ન આપવા કેન્દ્રીય ફિલ્મ પ્રમાણન બોર્ડ (CBFC) ને પત્ર લખ્યો છે. આ ફિલ્મમાં કથિત રીતે પાકિસ્તાની કલાકારોની હાજરીને કારણે વિવાદ ઊભો થયો છે. આ ઘટનાએ ભારત-પાકિસ્તાન તણાવના સમયે રાષ્ટ્રીય લાગણીઓને ઉશ્કેરી છે. આવી સ્થિતિમાં ફિલ્મની રિલીઝ પર સવાલો ઉભા થયા છે. FWICE એ CBFC ના અધ્યક્ષ પ્રસૂન જોશીને લખેલા પત્રમાં જણાવ્યું કે ફિલ્મમાં પાકિસ્તાની કલાકારો હનિયા આમિર, નાસિર ચિન્યોતી, ડેનિયલ ખાવર અને સલીમ અલબેલા છે. સૂચના અને પ્રસારણ મંત્રાલયના તાજેતરના નિર્દેશો અનુસાર, પાકિસ્તાની કલાકારો કે સામગ્રી સાથેના સહયોગ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. FWICE એ CBFC ને રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખી પ્રમાણપત્ર રોકવા વિનંતી કરી હતી.

## ક્રિકેટથી બ્રેક લેનારા દિગ્ગજની વાપસી

# ભારત વિરુદ્ધ T20 માટે ઈંગ્લેન્ડની ટીમ જાહેર, સોફી એક્લેસ્ટોન ટીમમાં સામેલ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી20 મેચ અને વન-ડે મેચોની સિરિઝ શરૂ થવાની છે, ત્યારે ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે (ECB) ટી20 માટે ટીમની જાહેરાત કરી છે. બંને દેશોની મહિલા ટીમ વચ્ચે પાંચ ટી20 મેચ અને ત્રણ વન-ડે મેચ રમાવાની છે. આ સિરિઝની શરૂઆત 28 જૂનથી થવાની છે, ત્યારે ઈંગ્લેન્ડે તાજેતરમાં જ ક્રિકેટમાંથી બ્રેક લેનાર સોફી એક્લેસ્ટોન (Sophie Ecclestone)નો ટી20 સિરિઝમાં સમાવેશ કર્યો છે.




ઈંગ્લેન્ડની દિગ્ગજ ખેલાડી સોફીએ તાજેતરમાં જ ક્રિકેટમાંથી બ્રેક લીધો હતો, જોકે ઈસીબીએ સોફી ટીમમાં પરત ફરી હોવાની સત્તાવાર જાહેરાત કરી છે. ટીમની ખેલાડી નેટ સાઈવર બ્રંટને એપ્રિલ-2025માં ઈંગ્લેન્ડની મહિલા ટી20 ટીમની કેપ્ટન બનાવાઈ હતી, ત્યારે બ્રંટ કેપ્ટન તરીકે ભારત વિરુદ્ધ પ્રથમવાર મેદાનમાં ઉતરશે. ઈંગ્લેન્ડ ટીમની હેડ કોચ શાર્લેટ એડવર્ડ્સ (Charlotte Edwards) ભારતને વિશ્વની શ્રેષ્ઠ ટીમ ગણાવી છે. આગામી વર્ષે ટી20 વર્લ્ડકપ રમાવાનો છે, તેથી એડવર્ડ્સે કહ્યું કે, ભારત વિરુદ્ધની આ સિરીઝ વિશ્વકપની તૈયારીઓના ભાગરુપે અમારા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી T20 મેચોનો શેડ્યૂલ આ રીતે છે. 28 જૂનએ પ્રથમ ટી20 મેચ, નોર્ટિંધમમાં, 01 જુલાઈએ બીજી ટી20 મેચ બ્રિસ્ટલમાં, 04 જુલાઈ એ ત્રીજી ટી20 મેચ ધ ઓવલમાં, 09 જુલાઈ એ ચોથી ટી20 મેચ માન્ચેસ્ટરમાં,1 2 જુલાઈ એ પાંચમી ટી20 મેચ બર્મિંઘમમાં રમાશે.

T20 સિરીઝ માટે ઈંગ્લેન્ડ ટીમ : એમ.આર્લોટ, ટૈમી બ્યૂમોન્ટ, લોરેન બેલ, એલિસ કૈપ્સી, ચાર્લી ડીન, સોફિયા ડંકલે, સોફી એક્લેસ્ટોન, લોરેન ફાઈલર, એમી જોન્સ, નેટ સાઈવર-બ્રન્ટ (કેપ્ટન), પૈગે સ્કોલ્ફિલ્ડ, લિંસી સ્મિથ, ડૈની વ્યાટ-હોજ, ઈસી વોંગ

## માતાને હાર્ટ એટેક આવતા નિર્ણય લીધો

# ઈંગ્લેન્ડ પ્રવાસે ટીમ ઈન્ડિયાનો સાથ છોડી ગૌતમ ગંભીર વતન પરત

### સહાયક કોચ રાયન ટેન ડોશેટ ટીમનું નેતૃત્વ કરશે

ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથે જોડાયેલા એક ખાસ સમાચાર સામે આવી રહ્યા છે. તેમની માતા સીમા ગંભીર હાર્ટ એટેક આવ્યો હતો. ગંભીરને આ અંગેના સમાચાર મળ્યા તો તેઓ તાત્કાલિક ઈંગ્લેન્ડથી ભારત પરત આવી ગયા છે. રિપોર્ટ પ્રમાણે આ ઘટના 11 જૂનના રોજ બની હતી. ગંભીર હવે 17 જૂનના રોજ ટીમ ઈન્ડિયા સાથે જોડાશે.

ગંભીર છેલ્લે ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન પણ ફેમિલી ઈમરજન્સીના કારણે ભારત પરત આવ્યા હતા. નોંધનીય છે કે, ગંભીર માટે ઓસ્ટ્રેલિયા પ્રવાસ અને ન્યુઝીલેન્ડ સિરીઝના પરિણામ બાદ ગંભીર માટે ઈંગ્લેન્ડ પ્રવાસ ખૂબ જ મહત્ત્વનો છે. ઈંગ્લેન્ડ સામે 5 મેચની ટેસ્ટ સીરિઝ 20 જૂનથી શરુ થઈ રહી છે. ગંભીરની ગેરહાજરીમાં સહાયક કોચ રાયન ટેન ડોશેટ ટીમનું નેતૃત્વ કરશે. શુક્રવારે શરુ થનારી ચાર દિવસીય પ્રેક્ટિસ મેચ દરમિયાન મુખ્ય કોચની જવાબદારી સંભાળશે. તેમણે બોલર કોચ મોર્ને મોર્કલ અને બેટર કોચ સિતાંશુ કોટક જેવા અન્ય કોચિંગ સ્ટાફથી મદદ મળશે.





## કહ્યું કોઈને દોષી ઠેરવવું, તે પીઠમાં છરો ભોંકવા જેવું

# 10 જ દિવસમાં બીજી ફાઈનલ મેચ હાર્યા બાદ શ્રેયસ અય્યર નિરાશ

શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની પંજાબ કિંગ્સ 3 જૂને IPL 2025 ની ટાઈટલ મેચ હારી ગઈ હતી. તે જ સમયે, હવે તેની કેપ્ટનશીપવાળી SoBo મુંબઈ ફાલ્કન્સને પણ મુંબઈ T20 લીગની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે. 10 દિવસમાં બીજું ટાઈટલ ગુમાવ્યા બાદ, શ્રેયસના ચહેરા પર નિરાશા જોવા મળી હતી. મેચ પછી, તેણે કહ્યું કે આ ખૂબ જ હેકટીક છે, ખાસ કરીને જયારે તમે હારતા હોય. ત્યાર તમારા મગજમાં ઘણું બધું ચાલી રહ્યું હોય છે.‘ આ સાથે તેણે ટીમની હાર માટે કોઈને દોષી ઠેરવ્યા નહીં અને કહ્યું કે, ’એવું કરવું એ પીઠમાં છરો મારવા જેવુ છે.‘




શ્રેયસ ઐયરે મેચ પછી કહ્યું, ’આ ખૂબ જ હેકટીક છે (10 દિવસમાં બે ફાઈનલ). ખાસ કરીને જ્યારે તમે હારી જાઓ છો, ત્યારે તે તમારા મગજમાં ચાલ્યા કરે છે. જે રીતે મોટી સંખ્યામાં બધા આવ્યા તે જોવા જેવું હતું. આખું સ્ટેડિયમ ઉત્સાહથી ભરેલું હતું. (ચાહકોનો) આવવા અને સપોર્ટ આપવા બદલ ખૂબ ખૂબ આભાર. હું કોઈ ખાસ ઘટનાનો ઉલ્લેખ કરવા માંગતો નથી. એકંદરે છોકરાઓએ તેમના પ્રયત્નોમાં શાનદાર કામ કર્યું. ફાઈનલમાં પહોંચતી વખતે અમે ફક્ત એક જ ગેમ હારી ગયા. ફક્ત એક જ રમત, જ્યાં તમે કોઈને દોષી ઠેરવવી શકતા નથી, તે પીઠમાં છરો ભોંકવા જેવું છે અને મને તે ગમતું નથી. અમે ઘણું શીખ્યા છીએ.‘આ મામલે શ્રેયસ ઐયરે વધુમાં કહ્યું કે, ’ફાઈનલ હાર્યા પછી નિરાશ થવું સામાન્ય વાત છે. તેનાથી તેમને દુઃખ થશે જ. જ્યારે તેઓ આવતા વર્ષે પાછા આવશે, ત્યારે તેમની પાસે તે પ્રેરણા અને આત્મવિશ્વાસ હશે. તેમને તેમના પ્રયત્નો પર ગર્વ હોવો જોઈએ. તેઓ અહીં આવ્યા હતા, તેમને વધારે અનુભવ નહોતો અને તેઓ 20,000 લોકોની સામે રમી રહ્યા હતા - તે સરળ નહોતું. હું ત્યાં રહ્યો છું, મેં તે કર્યું છે. જ્યારે તમે નર્વસ થાઓ છો, ત્યારે તમે ભૂલો કરો છો, પરંતુ તે તમને ઘણું શીખવે છે અને તેનાથી તમે મજબૂત રીતે પાછા ફરો છો.‘ મુંબઈ T20 લીગની ફાઈનલમાં, સોબો મુંબઈ ફાલ્કન્સે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરી અને મયુરેશ ટંડેલની ફિફ્ટીની મદદથી 20 ઓવરમાં 157 રન બનાવ્યા. જવાબમાં, મુંબઈ સાઉથ સેન્ટ્રલ મરાઠા રોયલ્સે ચાર બોલ બાકી રહેતા ટાર્ગેટ સરળતાથી પ્રાપ્ત કરી લીધો અને મુંબઈ સાઉથ સેન્ટ્રલ મરાઠા રોયલ્સે T20 લીગ ટ્રોફી જીતી ગઈ.

## સંક્ષીપ્ત સમાચાર

### બોરસદના યુવકે 5 જૂનની ફ્લાઇટ ચૂકી, 12 જૂનની એર ઈન્ડિયાની ફ્લાઇટમાં મુસાફરી કરતાં મોત

આણંદ : બોરસદ તાલુકાના કસુંબાડ ગામના 24 વર્ષીય રણવીરસિંહ નટવરસિંહ ચૌહાણનું એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં મોત થયું છે. રણવીરસિંહ અઢી વર્ષથી લંડનમાં સ્ટુડન્ટ વિઝા પર રહેતો હતો. તે અભ્યાસની સાથે નોકરી પણ કરતો હતો. રણવીરસિંહ એક મહિના પહેલા ભાણેજની ચૌલક્રિયામાં હાજરી આપવા વતન આવ્યો હતો. તેણે લગ્ન માટે કન્યા જોવાનું પણ શરૂ કર્યું હતું. તેણે પહેલા 22 તારીખે પરત જવાનું નક્કી કર્યું હતું. પરંતુ લગ્નની શક્યતાને કારણે 5 જૂનની ટિકિટ બુક કરાવી હતી. 5 જૂને નડિયાદ નજીક અકસ્માતને કારણે ટ્રાફિક જામમાં ફસાતા તે ફલાઈટ ચૂકી ગયો. ત્યારબાદ તેણે 12 જૂનની એર ઈન્ડિયાની ફલાઈટની ટિકિટ બુક કરાવી. ફલાઈટ ન ચૂકાય તે માટે તે બુધવારે રાત્રે જ માતા-પિતાને મળીને અમદાવાદ સંબંધીને ત્યાં ગયો હતો. રણવીરસિંહની માતા સરોજબેને જણાવ્યું કે તેમણે પુત્રને લગ્ન કરીને જવા કહ્યું હતું. પરંતુ તેણે હાલ લગ્ન નથી કરવા તેમ કહી દીધું હતું. તેના મિત્ર કમલેશ ચૌહાણના જણાવ્યા મુજબ બંને લંડનમાં સાથે રહેતા હતા અને સારી નોકરી પણ કરતા હતા. રણવીરસિંહના અકાળ અવસાનથી પરિવાર અને સમગ્ર ગામમાં શોકનું વાતાવરણ છવાયું છે. તેણે છેલ્લે માતા-પિતાને કહ્યું હતું કે દિવાળીમાં પાછો આવીશ.

### અમદાવાદ વિમાન દુર્ઘટનામાં આણંદના 33 મૃતક : મૃતદેહ લાવવા 10 એમ્બ્યુલન્સ રવાના



આણંદ : અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં આણંદ જિલ્લાના 33 પ્રવાસીઓએ જીવ ગુમાવ્યો છે. મૃતકોના મૃતદેહને આણંદ લાવવા માટે જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ 10 એમ્બ્યુલન્સ મોકલી છે. આ એમ્બ્યુલન્સ જિલ્લાના પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રની છે. મૃતકોની ઓળખ માટે DNA ટેસ્ટ કરવામાં આવશે. ટેસ્ટ બાદ મૃતદેહોને અમદાવાદથી આણંદ લાવવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર મૃતકોના સ્વજનોનો સંપર્ક કરશે. અંતિમ સંસ્કાર સુધીની તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આ કામગીરી માટે ખંભાતના પ્રાંત અધિકારી કુંજલ શાહ અને આણંદના સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટર એચ.ઝેડ.ભાલીયાની નિમણૂક કરવામાં આવી છે.

### ગોધરામાં બેગ વેચનાર પાસેથી કારચાલકે બતાવવાના બહાને 6 બેગ લઈને ફરાર

ગોધરા : ગોધરા શહેરના વડોદરા રોડ પર કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના સામે આવી છે. છૂટક મજૂરી કરીને સ્કૂલબેગ વેચતા વ્યક્તિ સાથે એક કારચાલકે છેતરપિંડી કરી છે. 12 જૂનના રોજ એક ઝેન કારમાં આવેલા વ્યક્તિએ બેગ વેચનાર પાસેથી 6 બેગ લીધી હતી. કારચાલકે બેગ બતાવવાનું બહાનું કર્યું અને કાર તરફ ગયો. ત્યારબાદ તે તમામ બેગ લઈને ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના નજીકના પેટ્રોલપંપના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. પીડિત વ્યક્તિએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અરજી નોંધાવી છે. પોલીસે કારના નંબરના આધારે ફરાર થયેલા કારચાલકની શોધખોળ શરૂ કરી છે.

### ગોધરાના વેજલપુરમાં મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી

ગોધરા : ગોધરાના વેજલપુર હરિજનવાસ વિસ્તારમાં દૂધની ડેરી સામે રહેતા અનિતાબેનના ઘરમાં ચોરીની ઘટના બની છે. અનિતાબેન તેમની ત્રણ દીકરીઓ સાથે ભાઈના દીકરાની સગાઈમાં અમદાવાદ ગયા હતા. તેઓ 9મી જૂને સવારે સાડા પાંચ વાગ્યે હાલોલ-પાટણ બસમાં નીકળ્યા હતા. બે દિવસના રોકાણ બાદ 11મી જૂને સવારે અગિયાર વાગ્યે પરત ફર્યા. ઘરે આવ્યા ત્યારે દરવાજો તૂટેલી હાલતમાં હતો. ઘરની અંદર તપાસ કરતા વચલા ખંડમાં તિજોરી ખુલ્લી હાલતમાં મળી. તિજોરીમાંથી સોનાની બુટ્ટી, કડી, રિંગ, દોરો, પેન્ડલ અને ચાંદીની ચૂડીઓ, કમરકંદોરો તથા કેડ જોડા મળી કુલ 1,36,436 રૂપિયાના દાગીના ગાયબ હતા. આ ઉપરાંત 40,000 રૂપિયાની રોકડ રકમ પણ ચોરાઈ ગઈ હતી. અનિતાબેને વેજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું કે હાલ કોઈ વ્યક્તિ પર શંકા નથી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ગોધરાના કણજીયા ગામમાં બે ભાઈઓના મકાનમાં આગ લાગી

ગોધરા : ગોધરા તાલુકાના કણજીયા ગામના ગેરાડીયા ફળિયામાં રહેતા બે સગા ભાઈઓના મકાનમાં આકસ્મિક આગ લાગવાની ઘટના સામે આવી છે. મોહનભાઈ ગેમાભાઈ બારિયા અને ભુપતભાઈ ગેમાભાઈ બારીયાના રહેણાંક મકાનમાં આગ લાગી હતી. બંને પરિવારના સભ્યો ચોમાસા પહેલાં નજીકના ખેતરમાં ખાતર નાખવા ગયા હતા. આ દરમિયાન અચાનક મકાનમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. પરિવારજનો ઘરે પહોંચ્યા ત્યારે વિકરાળ આગ જોઈને બૂમાબૂમ કરી મૂકી હતી. આજુબાજુના રહીશોએ પાણી છાંટીને આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. ગામના સરપંચ જશવંતભાઈએ પણ ટેન્કરથી પાણીનો છંટકાવ કર્યો હતો. સ્થાનિકોના પ્રયાસ છતાં આગ કાબૂમાં ન આવતા ગોધરા નગરપાલિકા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલાં જ બંને મકાનો આગની લપેટમાં આવી ગયા હતા. આગમાં બંને ઘરના તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ભુપતભાઈના મકાનમાં તિજોરીમાં રાખેલા સોનાના દાગીના પણ આગમાં ઓગળી ગયા હતા. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

---

**મૃતક ભાવિક મહેશ્વરીએ કોર્ટ મેરેજ કરી લંડન પરત ફરતાં પિતાને કહ્યું- હું પ્લેનમાં બેસી ગયો છું, ચિંતા કરશો નહી**

# અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં વડોદરાના 27 લોકોએ જીવ ગુમાવ્યો

**માંજલપુરમાં રહેતા ભારતીબેન પટેલ લંડનમાં રહેતા પુત્રને મળવા નીકળ્યા હતા**

• વડોદરા

12 જૂનના રોજ બપોરે 1.38 વાગ્યે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટથી લંડન જવા એર ઈન્ડિયાની ફ્લાઈટ નં. 171 ટેક ઓફ થઈ હતી. ત્યાર બાદ 1.40 વાગ્યે મેઘાણીનગરના ઘોડાકેમ્પ ખાતે IGP કમ્પાઉન્ડમાં પ્લેન ક્રેશ થયું હતું. જેમાં પૂર્વ CM વિજય રૂપાણી સહિત કુલ 230 મુસાફરો હતો, જેમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિકનો સમાવેશ થાય છે. જેમાં વડોદરાના 27 લોકો પણ મોત થયા છે.

શહેરના વાડી મધુકુંજ સોસાયટીમાં રહેતા 25 વર્ષીય ભાવિક મહેશ્વરીએ અમદાવાદમાં પ્લેન દુર્ઘટનામાં પોતાનો જીવ ગુમાવ્યો છે. ભાવિક મહેશ્વરી 5 વર્ષ પહેલાં BBAનો અભ્યાસ કરવા માટે લંડન ગયો હતો. 2 વર્ષનો અભ્યાસ પૂર્ણ થયા બાદ છેલ્લા 3 વર્ષથી કોલ સેન્ટરમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતો હતો. જોકે, 1 જૂનના રોજ 15 દિવસની રજા લઈને ફરવા વડોદરા આવ્યો હતો.જોકે, ઘટનાના બે દિવસ પહેલાં જ માતા-પિતા અને પરિવારજનો દ્વારા ભાવિકના અમદાવાદના બાવળા ગામની યુવતી સાથે કોર્ટ મેરેજ કરાવ્યા હતા. જેનો પરિવારજનોમાં ખુશીનો પાર ન હતો. પરંતુ આ ખુશી માત્ર એક દિવસમાં કાળની કારમી થપાટે છીનવી લીધી હતી. કોર્ટ મેરેજ કરીને પરત લંડન જઈ રહેલા ભાવિકે પ્લેનમાં બેઠા બાદ 1 વાગ્યે પિતાને ફોન કરીને કહ્યું હતું કે, હું બેસી ગયો છું ચિંતા કરશો નહીં. પહોંચીને ફોન કરીશ તબિયત સાચવજો. 'પપ્પા હું પ્લેનમાં બેસી ગયો છું, ચિંતા કરશો નહીં' કલાદર્શન નાલંદા પાણીની ટાંકી પાસે ભવાની પ્રોવિઝન સ્ટોર નામની દુકાન ધરાવતા મુકેશભાઈ મહેશ્વરીએ રડતા રડતા જણાવ્યું કે, ભાવિક છ-આઠ માસે રજા મળે ત્યારે પરિવારજનોને મળવા આવતો હતો. આ વખતે પણ 1 જૂનના રોજ 15 દિવસની રજા લઈને ફરવા આવ્યો હતો. આ દરમિયાન સમાજની યુવતી મળી જતા તેની સાથે લગ્ન નક્કી કરીને 11 જૂનના રોજ કોર્ટ રજિસ્ટર કર્યા હતા અને આગામી દિવાળી બાદ તેના ધામધૂમથી લગ્ન કરવાનું પણ નક્કી કર્યું હતું.ભાવિકે પ્લેનમાં બેઠા બાદ 1 વાગ્યે મને ફોન કરી જણાવ્યું હતું કે, પપ્પા હું પ્લેનમાં બેસી ગયો છું. ચિંતા કરશો નહીં. પહોંચીને ફોન કરીશ તબિયત સાચવજો. દીકરાના આ અંતિમ ફોનના શબ્દો આજે પણ મારા કાનમાં સંભળયા કરે છે. ભાવિક મારો મુખ્ય આધાર હતો. આજે ભગવાને એ આધાર પણ છીનવી લીધો.

ભાવિકના દાદા અર્જુનભાઈ મહેશ્વરીએ ભાવિકની વાત કરતા જ પોક મૂકીને રડી પડ્યા હતા. તેઓ માત્ર એટલું જ બોલ્યા કે, ભાવિકના દિવાળી પછી અમે લગ્ન કરવાના હતા. મારા ભાવિકના લગ્ન જોવાની ઈચ્છા અધૂરી રહી ગઈ.

પ્લેન ક્રેશમાં દીકરો ગુમાવનાર માતા કવિતાબેન મહેશ્વરીના હૈયાફાટ રૂદને કઠણ કાળજાના લોકોને પણ હચમચાવી નાખ્યા છે. મળવા આવતા પરિવારજનો પણ કવિતાબેનના રૂદનને જોઈને પોતાના આંસુ રોકી શકતા નથી. શુક્રવારે વહેલી સવારે લેતા દીકરાની એક એક ક્ષણને યાદ કરીને માતા રડી રહી છે.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા વ્રજભૂમિ ફ્લેટમાં રહેતા નરેન્દ્રભાઈ પંચાલ અને તેમના પત્ની ઉષાબેન પંચાલ એક મહિના પહેલાં જ ગાંધીનગર શિફ્ટ થયા હતા અને લંડનમાં નોકરી કરતા તેમના પુત્રને મળવા માટે તેઓ પહેલીવાર લંડન રવાના થયા હતા. દિવ્ય ભાસ્કરની ટીમ તેમના વડોદરા સ્થિત ઘરે પહોંચી હતી પરંતુ ઘરે તાળું મારેલું હતું.

શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા ગોકુલ આશિષ ડુપ્લેક્સમાં રહેતા ભારતીબેન જશભાઈ પટેલ લંડનમાં રહેતા તેમના પુત્રને મળવા અમદાવાદથી ફ્લાઈટમાં નીકળ્યા હતા. જેમાં તેમનું અવસાન થયું છે. ભારતીબેનના પતિ જશભાઈ પટેલનું દોઢ વર્ષ પહેલાં હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. ભારતીબેન હાલ પોતાના પુત્ર, પુત્રવધુ અને તેમના સંતાન સાથે રહેતા હતા. તેઓ મૂળ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના પારેખા ગામના રહેવાસી હતા. ભારતીબેનના અચાનક અવસાનથી તેમનો પરિવાર શોકમગ્ન બન્યો છે.

શહેરના ન્યૂ સમા વિસ્તારમાં આવેલી રૂક્ષ્મણીનગર સોસાયટીમાં રહેતા પટેલ અબધી ઘનશમભાઈ છેલ્લા કેટલાય વર્ષોથી તેઓની બહેન અને પતિ સાથે લંડનમાં રહેતા હતા. તેઓ છેલ્લા કેટલાક દિવસથી વેકેશન હોવાથી માતા-પિતાને મળવા માટે વડોદરા આવ્યા હતા. તેઓની બહેન ગાંધીનગર રહે છે અને તેઓ માતા-પિતાને મળવા વડોદરા આવ્યા અને ગત રોજ લંડન જવા માટે બંને બહેનો નીકળી હતી અને આ દુઘટનનો ભોગ બની હતી.

આ અંગે સ્થાનિક અને પાડોશી સંઘાણી કંચનબેને જણાવ્યું હતું કે, અહીંયા ઘનશ્યામભાઈ પટેલ અને તેઓની પત્ની કાંતાબેન પટેલ બંને અહીંયા રહે છે અને તેઓ કંપનીમાં કામ કરતા હતા ને હાલમાં રિટાયરમેન્ટ હોવાથી તેઓ અહીંયા રહે છે. તેઓને એક દીકરો અને બે દીકરીઓ છે. જે તમામ લંડનમાં રહે છે. બંને દીકરીઓ હાલમાં વેકેશન હોવાથી માતા પિતાને મળવા માટે ભારત આવી હતી.

તેઓ અહીંયા ચાર પાંચ દિવસ રોકાયા હતા અને ત્યાર બાદ પોતાના વતન અમદાવાદ ગયા હતા અને ગઈકાલે તેઓ લંડન જતા હતા અને ઘટના બની હતી. અહીંયા અમે છેલ્લા 15 વર્ષથી રહીએ છીએ અને તેઓને ઓળખું છું. છેલ્લા કેટલાય વર્ષોથી તેઓ અહીંયા રહે છે અને લંડનમાં સ્થાઈ થયા છે.

શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલી ડિલેક્સ સોસાયટીમાં રહેતા વિનોદચંદ્ર ગોવિંદભાઈ પટેલ અને તેઓની પત્ની ઉષાબેન વિનોદચંદ્ર પટેલ તેઓ પોતાના દીકરાને લંડનમાં મળવા માટે જતા હતા અને ગત રોજ આ દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. તેઓની દીકરો લંડનથી પરત ફર્યો છે અને DNA ટેસ્ટ બાદ તેઓને માતા પિતાના મૃતદેહ સોંપવામાં આવશે.

અમદાવાદ પ્લેન ક્રેશમાં વડોદરાના કેતન શાહનું પણ મૃત્યુ થયું છે. કેતન શાહ લંડનમાં જ સ્થાયી થયેલા હતાં. તેમના પિતા વધુ બીમાર હોવાથી તેમને મળવા માટે આવ્યા હતા. પરત જતા પ્લેન ક્રેશમાં કેતન શાહ મૃત્યુ પામ્યા છે. કેતન શાહના પત્ની અને બાળકો લંડનમાં છે. હવે તેમને કેવી રીતે બોલાવવા તેની પરિવારને ચિંતા છે.

---

**7 પીઆઇની આંતરિક બદલી**

## વડોદરા શહેરમાં વહિવટી કારણોસર પીઆઈની બદલી

• વડોદરા

વડોદરા શહેર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા 7 પીઆઈની વહીવટી કારણોસર આંતરિક બદલી કરવાનો હુકમ પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા કરવામાં આવ્યો છે. તાત્કાલિક ચાર્જ સંભાળી લેવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા શહેરમાં 7 જેટલા પોલીસ ઈન્સ્પેકટરની વહિવટી કારણોસર આંતરિક બદલી કરવાનો હૂકમ કર્યો છે. આ સાથે જ બદલી કરવામાં આવેલ પોલીસ ઈન્સ્પેકટરોને જે-તે બદલી સ્થળે મળેલ પોસ્ટિંગનો બદલી થયેથી ચાર્જ સંભાળી લેવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

વાય.જી.મકવાણા -અકોટા પોલીસ સ્ટેશનમાંથી મિસિગ સેલમાં બદલી, પી.જી.તિવારી - મહિલા પોલીસ સ્ટેશનથી MOBમાં બદલી, એચ.જી.પટેલ -સેકન્ડ પી.આઈ પાણીગેટથી - A.H.T.U, બી.બી.પટેલ- A.H.T.U - સેકન્ડ પીઆઈની પાણીગેટમાં બદલી, ડી.વી.બલદાનિયા - મિસિંગ સેલથી અકોટા પોલીસ સ્ટેશનમાં બદલી, એચ.એલ.જોશી -લિવ રીઝર્વથી મહિલા પોલીસ સ્ટેશનમાં બદલી, આર.ડી.ચૌહાણ - લિવ રીઝર્વથી ટ્રાફિક શાખામાં પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી છે.

---

## વડોદરામાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવારે અમદાવાદ પ્લેન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી

• વડોદરા

અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દિવંગતોના આત્માની સદ્ગતિ અને તેમના શોકગ્રસ્ત પરિવારજનોને સાંત્વના મળે તે હેતુથી અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર વડોદરા દ્વારા એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ દુર્ઘટનામાં જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે, તે તમામ મૃતકોના આત્માને શાંતિ મળે અને તેઓ સદગતિ પામે તેવી ભાવના સાથે આ પ્રાર્થના સભા યોજાઈ હતી. આ સાથે જ આ દુ:ખદ ઘટનાને કારણે જે પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે, તેમને આ આઘાત સહન કરવાની શક્તિ મળે અને તેમને ઈશ્વર સાંત્વના પ્રદાન કરે તેવી પણ પ્રાર્થના કરવામાં આવી હતી. પ્રાર્થના સભામાં "ૐ શાંતિ"ના ઉચ્ચારણ સાથે દીપ પ્રજ્વલિત કરી દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

---

## વડોદરામાં ચીલઝડપના 8 ગુનાનો ભેદ ઉકેલાયો : 3 રીઢા આરોપીઓ ઝડપાયા

**લોકોના હાથમાંથી મોબાઇલ ફોન-પર્સ ઝૂંટવીને બાઈક પર ભાગી જતા હતા**

• વડોદરા



વડોદરા શહેરમાં છેલ્લા 12 દિવસમાં રસ્તે ચાલતા અને વાહન ચલાવતા નાગરિકોના હાથમાંથી મોબાઈલ ફોન અને પર્સ ઝૂંટવીને બાઈક પર ભાગી જવાના ગુનાઓ આચરનાર 3 રીઢા આરોપીઓને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે અને ચીલઝડપના 8 ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

વડોદરામાં મોબાઈલ સ્નેચિંગના ગુનાઓનો ભેદ ઉકેલવા માટે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે CCTV ફૂટેજ, ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી. આરોપીઓએ મોટે ભાગે વડોદરા શહેરના પૂર્વ વિસ્તારોને ટાર્ગેટ કર્યા હોવાનું જણાતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે આ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. આ દરમિયાન બાતમીના આધારે માં શક્તિ વૂડાથી એ.પી.એમ.સી. માર્કેટ તરફ જતા કાચા રોડ પર નજર રાખી હતી, જ્યાં ત્રણ શંકાસ્પદ ઈસમો બાઈક પર જોવા મળ્યા હતા. પોલીસને જોઈ આરોપીઓએ નાસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેમને ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી 8 મોબાઈલ ફોન મળી આવ્યા છે. પૂછપરછમાં આરોપીઓએ જણાવ્યું હતું કે, તેમણે વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં રાત્રે રસ્તે ચાલતા અને ટુ-વ્હીલર પર જતા લોકોના મોબાઈલ ફોન ઝૂંટવ્યા હતા.

---

## ઈન્દોરના દુષ્કર્મના ગુનામાં ફરાર આરોપીની વડોદરા ક્રાઈમ બ્રાન્ચે

**આરોપીને પકડનારને 2 હજારનું ઇનામ જાહેર કરાયું હતું**

• વડોદરા

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે મધ્યપ્રદેશના ઈન્દોર શહેરના લસુંડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ દુષ્કર્મના ગંભીર ગુનામાં 8 મહિનાથી ફરાર અને 2,000 રૂપિયાનું ઈનામ જાહેર થયેલ આરોપી ભરત પ્રકાશચંદ્ર ચેનાણી (ઉં.વ. 34), (રહે. સમૃદ્ધિ સાફલ્ય ફ્લેટ, યમુનામિલ સામે, સોમા તળાવ મેઈન રોડ, વડોદરા)ની ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમીદાર પાસેથી માહિતી મેળવી કે, આરોપી ભરત ચેનાણી મહાનગર વુડા પાસે નારાયણનગર તરફ જતા રોડ પર ઉભેલો છે. ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને સ્થળ પરથી ઝડપી પાડ્યો હતો. આરોપીએ મેટ્રોમોનીયલ વેબસાઈટ પર પ્રોફાઈલ બનાવી હતી, જ્યાં ભોગ બનનાર છોકરીની પ્રોફાઈલ સાથે મેચ થયું હતું. બંનેએ 10થી 11 મહિના અગાઉ મોબાઈલ ફોન પર વાતચીત શરૂ કરી હતી.

લગભગ બે મહિનાના સંપર્ક બાદ આરોપી ઈન્દોર ખાતે ભોગ બનનારને મળવા ગયો હતો અને બે દિવસ હોટલમાં રોકાયો હતો. ત્યારબાદ બંને વચ્ચે ઝઘડો થતાં આરોપીએ છોકરીનો મોબાઈલ નંબર બ્લોક કરી દીધો હતો, જેથી, ભોગ બનનારે ઈન્દોરના લસુંડીયા પોલીસ સ્ટેશનમાં લગ્નની લાલચે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. આ ગુનો નોંધાયા બાદ આરોપી ફરાર થઈ હતો અને મધ્યપ્રદેશ પોલીસે તેના પર 2,000 રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

---

**પોલીસ કમિશનરનું જાહેરનામું : પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની અંદર 4 કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહી**

## વડોદરા શહેરના 117 પરીક્ષા કેન્દ્ર પર તા.15મી જૂનના રોજ લોકરક્ષક કેડરની પરીક્ષા યોજાશે

• વડોદરા

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા તા.15/06/2028 ના રોજ વડોદરા શહેરના 117 પરીક્ષા કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા વડોદરા શહેર પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધ કરી કેટલાક પ્રતિબંધો ફરમાવ્યા છે. વડોદરા શહેરના 117 પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા યોજાનાર છે. જેથી, આ પરીક્ષા કેન્દ્રના પરીક્ષા ખંડની અંદર તા.15/06/2025ના રોજ સવારના 7 વાગ્યથી બપોરના 3 વાગ્યા સુધી



પરીક્ષા કેન્દ્રની અંદર કોઈપણ વ્યક્તિએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન, સ્માર્ટવોચ, બ્લુટુથ, કેમેરા, વાયરલેસ સાહિત્ય વગેરે લઈ જવા ઉપર કે ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુબાજુમાં 100 મીટરના અંતરમાં પરીક્ષા દરમિયાન ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં.

આ સાથે પરીક્ષા કેન્દ્રની આસપાસ 100 મીટરના અંતરમાં ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકશે નહીં. લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં. પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાઈ નહીં તે માટે ઉક્ત સમય દરમિયાન ખોદકામ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તદુપરાંત પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમિયાન બિનઅધિકૃત વ્યક્તિઓ પ્રવેશ કરી શકશે નહીં, એવું પોલીસ કમિશનરના જાહેરનામામાં જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-2023 ની કલમ-223 હેઠળ સજાને પાત્ર થશે. જો કે પરીક્ષા ફરજમાં રોકાયેલા ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા અધિકૃત અધિકારીઓ પોતાની વિધિસરની ફરજો દરમિયાન ફોનનો ઉપયોગ કરી શકશે.

---

## ચૂંટણી:પંચમહાલમાં 19 પંચાયત સમરસ, 26 સરપંચ, 510 સભ્ય બિનહરીફ

• ગોધરા

પંચમહાલ જિલ્લાની 266 ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરપંચ પદ માટે 509 , જ્યારે સભ્ય પદ માટે 2405 ફોર્મ ભરાયા હતા. ફોર્મની ચકાસણી પ્રક્રિયામાં 15 સરપંચો અને 129 સભ્યોના ફોર્મ રદ થયા હતા. ફોર્મ ચકાસણી બાદ બુધવારે ફોર્મ પરત ખેંચવાનો દિવસ હતો. આ દરમિયાન સરપંચ પદ માટે દાવો કરનારા 220 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા હતા. તેમજ સભ્ય પદના 221 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા 22 જૂને યોજાનારી ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું છે. જેમા જિલ્લાની 19 ગ્રામપંચાયતો સમરસ થઈ છે. તથા જિલ્લામાં 26 સરપંચ અને 510 સભ્યો બિનહરીફ વિજેતા થયા છે. સામાન્ય ચુંટણીમાં 155 માંથી 19 સમરસ થતા 136 ગ્રામ પંચાયતમાં ચુંટણી યોજાશે. જેથી જિલ્લામાં સામાન્ય અને પેટા મળીને કુલ 266 ગ્રામ પંચાયતમાંથી 249 ગ્રા.પં.માં તા.22 જુને ચુંટણી યોજાશે. જેમા 391 સરપંચ પદ માટે અને 1993 સભ્ય પદના ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ ખેલાશે. જિલ્લામાં નલ સે જલ અને મનરેગાના ભ્રષ્ટાચારનો મુદ્દો ગ્રામ્યકક્ષાની ચુંટણીમાં રહેશે.

ગોધરા : 36 પંચાયતોની ચૂંટણીમાં 3 સરપંચ અને 118 સભ્ય બિનહરીફ થતાં હવે સરપંચ પદના 110 અને સભ્ય પદના 428 ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. . શહેરા : 31 પંચાયતોની ચૂંટણીમાં 7 સરપંચ અને 121 સભ્ય બિનહરીફ થતાં હવે સરપંચ પદના 72 અને સભ્યપદના 337 ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. . મોરવા(હ) : 16 પંચાયતોની ચૂંટણીમાં પંચાયતના 38 સભ્ય બિનહરીફ થતાં હવે સરપંચ પદના 49 અને સભ્ય પદના 265 ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. . કાલોલ :26 પંચાયતોની ચૂંટણીમાં 5 સરપંચ અને 70 સભ્ય બિનહરીફ થતાં હવે સરપંચ પદના 60 અને સભ્ય પદના 345 ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. . ઘોઘંબા : 32 પંચાયતોની ચૂંટણીમાં 6 સરપંચ અને 69 સભ્ય બિનહરીફ થતાં હવે સરપંચ પદના 69 અને સભ્ય પદના 438 ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. . હાલોલ : 12 પંચાયતોની ચૂંટણીમાં 1 સરપંચ અને 24 સભ્ય બિનહરીફ થતાં હવે સરપંચ પદના 29 અને સભ્ય પદના 163 ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. . જાંબુઘોડા : 2 પંચાયતોની ચૂંટણીમાં 1 સરપંચ અને 8 સભ્ય બિનહરીફ થતાં હવે સરપંચ પદના 3 અને સભ્ય પદના 17 ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે.

# એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.1 લાખને પાર

## ચાંદીમાં રૂ.243ની તેજીઃ ક્રૂડ તેલમાં રૂ.512નો ઉછાળો : મેન્થા તેલમાં નરમાઈનો માહોલઃ નેચરલ ગેસમાં સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.27926 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.220334 કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.19103 કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 23105 પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.248264.06 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.27926.65 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.220334.42 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જૂન વાયદો 23105 પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.4167.03 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.19103.75 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો 10 ગ્રામદીઠ રૂ.99500ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.100403ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.99493ના મથાળે અથડાઈ, રૂ.98392ના આગલા બંધ સામે રૂ.1445ના ઉછાળા સાથે રૂ.99837ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન વાયદો 8 ગ્રામદીઠ રૂ.1087 ઊછળી રૂ.79669 થયો હતો. ગોલ્ડ-પેટલ જૂન વાયદો 1 ગ્રામદીઠ રૂ.122ની તેજી સાથે રૂ.9970 થયો હતો. સોનું-મિની જુલાઈ વાયદો 10 ગ્રામદીઠ રૂ.1380ના ઉછાળા સાથે રૂ.99166ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.98339ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.99939 અને નીચામાં રૂ.98339ના મથાળે અથડાઈ, રૂ.97969ના આગલા બંધ સામે રૂ.1401 ઊછળી રૂ.99370ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.106450ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.106940 અને નીચામાં રૂ.105710ના મથાળે અથડાઈ, રૂ.105885ના આગલા બંધ સામે રૂ.243ની તેજી સાથે રૂ.106128 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.252 વધી રૂ.105874ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.252 વધી રૂ.105857 થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.1859.81 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જૂન વાયદો રૂ.6.85 ઘટી રૂ.868ના સ્તરે પહોંચ્યો હતો. જસત જૂન વાયદો રૂ.3.65 ઘટી રૂ.248.45 થયો હતો. એલ્યુમિનિયમ જૂન વાયદો રૂ.2.45 ઘટી રૂ.240.15ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જૂન વાયદો 35 પૈસા ઘટી રૂ.179.25ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.6726.53 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.6077ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.6465ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.6077ના સ્તરને પહોંચી, રૂ.5844ના આગલા બંધ સામે રૂ.512ના ઉછાળા સાથે રૂ.6356ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.512 ઊછળી રૂ.6355ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.6.2 વધી રૂ.305.3 થયો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.6 વધી રૂ.305.2 થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ.932.9ના ભાવે ખૂલી, રૂ.10.4 ઘટી રૂ.921.1ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.13821.07 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.5282.67 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.968.30 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.216.44 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.59.22 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.615.85 કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.5279.34 કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.1447.19 કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.4.09 કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં 17991 લોટ, સોનું-મિનીના વાયદાઓમાં 51216 લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં 12252 લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં 127591 લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં 18530 લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં 22920 લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં 48220 લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં 184025 લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં 19563 લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં 17045 લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જૂન વાયદો 23090 પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં 23480 પોઈન્ટના સ્તર અને નીચામાં 23087 પોઈન્ટના સ્તરને સ્પર્શી, 292 પોઈન્ટ વધી 23105 પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.6300ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.180.4 વધી રૂ.196.2 થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.310ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.2.35 વધી રૂ.10.15 થયો હતો. સોનું જૂન રૂ.100000ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન 10 ગ્રામદીઠ રૂ.665 વધી રૂ.1568.5ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.106000ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.80.5 વધી રૂ.2037.5 થયો હતો. તાંબું જૂન રૂ.880ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.2.57 ઘટી રૂ.5.25ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.250ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.1.98 ઘટી રૂ.2.53 થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.5800ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.59.8 ઘટી રૂ.21.3 થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.300ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.2.65 ઘટી રૂ.9.8ના ભાવે બોલાયો હતો. સોનું જૂન રૂ.98000ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન 10 ગ્રામદીઠ રૂ.503 ઘટી રૂ.809 થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.106000ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.204 ઘટી રૂ.1860ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.870ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.3.06 વધી રૂ.11 થયો હતો. જસત જૂન રૂ.250ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.1.09 વધી રૂ.3.5ના ભાવે બોલાયો હતો.

### એમસીએક્સ ટોપ-5 સૌથી વધુ સક્રિય વાયદા કોન્ટ્રેક્ટ્સ (મૂલ્યની દૃષ્ટિએ)

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | બંધ | વોલ્યુમ (લોટ) | મૂલ્ય (કરોડ) | ઓ.ઇ. (લોટ) |
|---|---|---|---|---|---|
| સોનું | 05-08-2025 | 99840 | 8371 | 8376.78 | 17007 |
| ક્રૂડ તેલ | 18-06-2025 | 6346 | 53370 | 3363.31 | 13424 |
| સોનું-મિની | 04-07-2025 | 99151 | 31554 | 3134.65 | 32088 |
| ચાંદી | 04-07-2025 | 106205 | 8630 | 2756.49 | 17790 |
| ક્રૂડ તેલ | 21-07-2025 | 6205 | 21390 | 1320.55 | 5409 |

### એમસીએક્સ ટોપ-5 સૌથી વધુ સક્રિય વાયદા કોન્ટ્રેક્ટ્સ (વોલ્યુમની દૃષ્ટિએ)

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | બંધ | મૂલ્ય (કરોડ) | વોલ્યુમ (લોટ) | ઓ.ઇ. (લોટ) |
|---|---|---|---|---|---|
| ગોલ્ડ-પેટલ | 30-06-2025 | 9973 | 63.20 | 63328 | 52797 |
| ચાંદી-માઈક્રો | 30-06-2025 | 105979 | 587.74 | 55363 | 80275 |
| ક્રૂડ તેલ | 18-06-2025 | 6349 | 3368.58 | 53453 | 13420 |
| ગોલ્ડ-પેટલ | 31-07-2025 | 10025 | 49.95 | 49791 | 49635 |
| ક્રૂડ તેલ-મિની | 18-06-2025 | 6345 | 2513.4 | 39861 | 8225 |

### એમસીએક્સ - ટોપ-5 સૌથી સક્રિય પુટ ઓપ્શન્સ

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | સ્ટ્રા. પ્રાઇસ | બંધ | ટર્ન. નોશ. | ઓ.ઇ.(લોટ) |
|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5800 | 21.4 | 11038.08 | 14197 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 6000 | 41.1 | 10232.63 | 11995 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5900 | 27.2 | 8274.09 | 7829 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 6200 | 103.8 | 7680.51 | 7023 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 6100 | 66.8 | 6774.65 | 4900 |

### એમસીએક્સ - ટોપ-5 સૌથી સક્રિય કોલ ઓપ્શન્સ

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | સ્ટ્રા. પ્રાઇસ | બંધ | ટર્ન. નોશ. | ઓ.ઇ.(લોટ) |
|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | 16-06-2025 | 6300 | 196 | 9726.16 | 6521 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 6400 | 155.4 | 9546.96 | 8354 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 6500 | 123.1 | 8760.80 | 7380 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 6200 | 245.8 | 7473.29 | 4780 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 7000 | 42.9 | 6666.89 | 6261 |

### એમસીએક્સ ટોપ-5 વધનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | આગલો બંધ | બંધ | વધઘટ | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | 21-07-2025 | 5733 | 6212 | 479 | 8.36 |
| ક્રૂડ તેલ-મિની | 21-07-2025 | 5732 | 6208 | 476 | 8.30 |
| નેચરલ ગેસ | 25-06-2025 | 299.1 | 305.3 | 6.2 | 2.07 |
| નેચરલ ગેસ-મિની | 25-06-2025 | 299.2 | 305.2 | 6 | 2.01 |
| સોનું | 05-08-2025 | 98392 | 99837 | 1445 | 1.47 |

### એમસીએક્સ ટોપ-5 ઘટનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | આગલો બંધ | બંધ | વધઘટ | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|
| જસત | 30-06-2025 | 252.1 | 248.45 | -3.65 | -1.45 |
| જસત-મિની | 30-06-2025 | 252.25 | 248.75 | -3.5 | -1.39 |
| મેન્થા તેલ | 30-06-2025 | 931.5 | 919 | -12.5 | -1.34 |
| એલ્યુમિનિયમ | 30-06-2025 | 242.6 | 240.15 | -2.45 | -1.01 |
| એલ્યુમિનિયમ-મિની | 30-06-2025 | 242.65 | 240.3 | -2.35 | -0.97 |

## ધી ઓલપાડ ગૃપ કોટન સેલ સો.માં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ

# મંડળીના વર્તમાન પ્રમુખ મનહર પટેલ સતત સાતમી વખત બિનહરીફ ચૂંટાયા

### ઉપપ્રમુખ પદ માટે સમાધાનનો પ્રયાસ નિષ્ફળ જતાં યોજાયેલ ચૂંટણીમાં જીણોદના રમેશભાઈ પટેલનો ૧૫ મતથી વિજય

• ઓલપાડ



ઓલપાડ જીન કેમ્પસમાં કાર્યરત ધી ઓલપાડ ગૃપ કોટન સેલ સોસાયટીમાં સનેઃ૨૦૨૫-૨૦૩૦ ના વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી.જે ચૂંટણીમાં જિલ્લાના સહકારી,શૈક્ષણિક, સામાજીક અને રાજકીય અગ્રણી મનહરભાઈ ખુશાલભાઈ પટેલ (કદરામા) સતત સાતમી વખત સર્વ સંમતિથી બિનહરીફ ચૂંટાઈ આવતાં તેમના શુભેચ્છકોએ અભિનંદન વર્ષા પાઠવી છે.

શુક્રવાર,તા.૧૩ ના રોજ ધી ઓલપાડ કોટન મંડળીની ચૂંટાયેલ નવનિયુક્ત બોર્ડની પહેલી મિટીંગ મંડળીના સિનિયર કમિટી સભ્ય જગજીવનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી.આ મિટીંગમાં અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા પ્રવાસીઓના આત્માને શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી.ત્યારબાદ આગામી પાંચ વર્ષ સુધી મંડળીના વહીવટ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીના એજન્ડાનું કામ હાથ ધરાયું હતું. જેમાં પ્રમુખ તરીકે મંડળીનું સુકાન સંભાળી રહેલા મનહરભાઈ કે.પટેલ ના નામની દરખાસ્ત સરસાણાના કમિટી સભ્ય ભાવિન પટેલે મુકી હતી. જેને સરસના કમિટી સભ્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો હતો. જો કે આ મિટિંગમાં બોર્ડના સભ્યોએ પ્રમુખપદ માટે બીજી કોઈ દરખાસ્ત રજુ કરવાના બદલે તમામ કમિટી સભ્યોએ ટેકો જાહેર કરતાં મનહરભાઈ પટેલ સર્વ સંમતિથી પ્રમુખપદે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતાં.

જ્યારે મંડળીના ઉપપ્રમુખ પદ માટે જીણોદના રમેશભાઈ પટેલના નામની દરખાસ્ત સામે મિરજાપોરના હિતેશ પટેલના નામની બીજી દરખાસ્ત રજુ થઈ હતી.જેથી મંડળીના પ્રમુખ મનહરભાઈ પટેલે સમાધાનની ફોર્મ્યુલા રજુ કરી હતી. પરંતુ તેઓએ ગ્રાહ્ય ન રાખી ભારે ખેંચતાણ કરતા આખરે ઉપપ્રમુખ પદ માટે ૨૧ બોર્ડના સભ્યોને બંન્ને ઉમેદવારો માટે મતદાન કરવાની નોબત આવી હતી.જેથી ઉપપ્રમુખ ની યોજાયેલી ચૂંટણીના મતદાન પ્રક્રિયામાં રમેશભાઈ પટેલને ૧૮ મત અને હિતેશ પટેલને માત્ર ૩ મત મળતા જીણોદ ગામના રમેશભાઈ પટેલને ઉપપ્રમુખ તરીકે ૧૫ મતથી વિજેતા જાહેર કરાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે,મંડળીમાં બિનહરીફ ચૂંટાયેલા પ્રમુખ મનહરભાઈ પટેલ હાલમાં સુરત શહેરમાં જહાંગીરપુરા સ્થિત ધી પુરૂષોત્તમ ફાર્મર્સના પ્રમુખ તરીકે ૨૦૨૩ થી સેવા આપી રહ્યા છે.આ ઉપરાંત તેઓ ધી કોટન એસોસિયેશન ઓફ મુંબઈના ડાયરેક્ટર,ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.ગેઈન ગ્રોઅર્સ ફેડરેશન અમદાવાદના ડાયરેક્ટર,ઓલપાડ કોલેજના ખજાનચી તથા ઈફકોના આર.જી.બી.તરીકે વર્ષોથી સેવા આપી રહ્યા છે.આ ઉપરાંત તેઓ ઓલપાડ ભાજપ સંગઠનના માજી મહામંત્રી તરીકે પણ સેવા આપી ચૂકેલ હોવાથી રાજકીય ક્ષેત્રે પણ મજબુત પકડ ધરાવે છે.જ્યારે તેમની પ્રમુખ પદે પુનઃનિમણુંક થતાં પ્રતિભાવ આપતા કહ્યું કે,હું વર્ષોથી સહકારી માળખાં સાથે જોડાયેલો હોવાથી સભાસદોનું હિત જાળવી આ મંડળીના વિકાસ માટે બોર્ડના બધા સભ્યોને સાથે રાખી વહીવટ કરવાની ખાત્રી આપું છું.

# માત-પિતાની ઉપેક્ષા




• યોગેશભાઈ આર જોષી

આપણે સમાજમાં જોયું છે કે એક માતા પિતા પોતાના ચાર થી પાંચ સંતાનોનું સારી રીતે લાલનપાલન કરે છે.તેમનો સારી રીતે ઉછેર કરે છે.તેમને યોગ્ય શિક્ષણ આપે છે અને સંતાનોના તમામ લાડ કોડ પૂરા કરે છે.સંતાનોને સારી લાઈનદોરી આપી પરણાવી તેમનો ઘરસંસાર ચલાવવા પોતાનું સર્વસ્વ હોમી દે છે ,એ આશાએ કે,મારુ સંતાન દુઃખી ન થાય અને એને જિંદગીમાં કોઈ તકલીફ ન પડે. માબાપ પોતાનાં બાળકો પાસેથી કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખતાં નથી. માબાપ સંતાનો પાસેથી ઝંખે છે માત્ર ને માત્ર એમનો પ્રેમ અને પોતાની વૃદ્ધાવસ્થામાં સંતાનો એમનાં ટેકણલાકડી બને એજ અપેક્ષા હોય છે. પરંતુ એજ પુત્રોને પોતાના લગ્ન બાદ માતાપિતા આંખમાં પડેલા કણાની જેમ ખૂંચે છે. માવતર એમને બોજા સમાન લાગે છે. માતાપિતા પોતાની પાસે રહે તે આજના કળિયુગી શ્રવણોને ગમતું નથી. માબાપ પોતાની પાસે રહે એમાં એ લોકોને નાનપ અને પોતાની સામાજિક પ્રતિષ્ઠા જોખમાતી હોય એવું લાગે છે. આ લોકોને એમની આઝાદી છિનવાઈ જતી હોય એવું પ્રતીત થાય છે. આગળ જોયું તે પ્રમાણે એક માતાપિતા પોતાના ૪ થી ૫ સંતાનોનો સારી રીતે ઉછેર કરી શકે છે, પરંતુ એક માબાપને ૪ થી ૫ સંતાનો સાચવી શકતા નથી. આ આજના સમાજની વાસ્તવિકતા અને કટુ સત્ય છે. ઘણાં ઘરોમાં માબાપની ઘોર ઉપેક્ષા કરવામાં આવે છે. એમને શારિરીક અને માનસિક રીતે ત્રસ્ત કરવામાં આવે છે. એમનું નાની નાની વાતમાં અપમાન કરવામાં આવે છે. એમનાં કોઈ કોડ કે અરમાન પૂરા કરવામાં આવતાં નથી. વૃદ્ધાવસ્થામાં ઘરડાં માતાપિતાને એકબીજાની હૂંફ અને સહારાની જરૂર હોય ત્યારે એમને વિખૂટા પાડી દેવામાં આવે છે. ઘણાં પુત્રો તો પોતાનાં માવતરને ઘરડાઘરમાં મૂકતા પણ અચકાતા નથી. આજે પુત્રોને એક કૂતરો પાળવો પોષાય છે, પરંતુ માબાપ રાખવા પોષાતા નથી. સત્ય હકીકત એ પણ છે કે જે સંતાનો માવતરની ઉપેક્ષા કરે છે, તેઓ ક્યારેય સુખી થઈ શકતાં નથી. એ લોકોને એટલી પણ સમજ નથી કે માબાપની સેવા અને એમનાં ચરણોમાં જ સાચું સુખ સમાયેલું છે. એક પંક્તિ ટાંકીને મારા વિચારોને વિરામ આપું છું.

**“ ચાહે લાખ કમાયે,ધન દૌલત, યે બંગલા કોઠી બનાયી હૈ, માબાપ હી નાખુશ તેરે હૈ, બેકાર, યે સારી કમાયી હૈ.”**

## નિયમિત રક્તદાન સ્વાસ્થ્ય માટે કેટલું ફાયદાકારક છે?

# કોરોના લોકડાઉનમાં રક્તદાનની જરૂરિયાત અને મહત્વ




વિજ્ઞાનજગત
લેખક :દીપક જગતાપ

આજે ૧૪ જૂન વિશ્વ રક્તદાતા દિવસ છે ત્યારે રક્તદાન નું કેટલું મહત્વ છે એની આજે ચર્ચા કરવી છે.જ્યારે બીમાર દર્દીઓની ઓપરેશન માટે તેમજ ડિલિવરી કે અકસ્માતના કેસોમા ખાસ લોહીની જરૂર હોય છે હાલ બ્લડ બેન્કોમા લોહીખૂટી ગયુ હોય ત્યારે લોહી ની જરૂરિયાતને પહોચી વળવા સ્વૈચ્છિક રક્તદાન એજ એક માત્ર ઉપાય બચે છે .હવે રક્તદાન કોણ કેવી રીતે કરી શકે તેની માહિતી દરેક રક્તદાતા ઓ માટે જાણવું જરૂરી છે .ઘણા લોકો રક્ત દાન (બ્લડ ડોનેટ) કરવાથી ખચકાય છે .પરંતુ જાણકારોનું કહેવું છે કે રક્તદાન કરવાથીઘણા ફાયદા થાય છે. હૃદયના સ્વાસ્થ્ય, વજન ઘટાડવા માટે અને શરીરનું સ્વાસ્થ્ય સુધારવા માટે બ્લડ ડોનેટ કરવું જરૂરી છે. રક્ત દાન કરવાથી દાતાના શરીર અને મન બંને પર સારો પ્રભાવ પડે છે. તમને આવુ કરવાથી કોઈને જીવન આપવાનું મહાન કામ કર્યાનો તો સંતોષ થાય જ છે .પણ સાથે સાથે તમારી હેલ્થને પણ ફાયદા થાય છે.રક્તદાન કરવાથી શરીરમાં રક્તની કમી આવે છે આ માન્યતા તદ્દન ખોટી છે. રક્તદાન હૃદય માટે બહુ જ ફાયદાકારી માનવામાં આવે છે. નિયમિત અંતરાલે રક્તદાન કરવાથી શરીરમાં આયર્નની માત્રા સંતુલિત રહે છે અને રક્તદાતા હૃદયરોગના ખતરાથી દૂર રહે છે. નિયમિત રક્તદાન કરવાથી શરીરમાં લોહી પાતળું થાય છે જેના કારણે હૃદય એકદમ સ્વસ્થ રહે છે. 18થી 60 વર્ષની વયની કોઈપણ વ્યક્તિ બ્લડ ડોનેટ કરી શકે છે. જો તમે કોઈ બીમારીથી પીડાતા હોવ કે પછી દવા લેતા હોવ તો બ્લડ ડોનેટ કરતા પહેલા પોતાના ડોક્ટરની સલાહ લઈ લો અને તેમને તપાસ સમયે પૂરેપૂરી જાણકારી આપો. હિમોગ્લોબિન લેવલ સારુ હોય તો મહિલાઓ પણ બ્લડ ડોનેટ કરી શકે છે. જો કે પીરિયડ્સ, ગર્ભાવસ્થા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ બ્લડ ડોનેટ ન કરી શકે. તમારા રક્ત દાનથી ત્રણ જીંદગી બચાવી શકો છો,જેમા સાવધાનીથી કરાયેલુ બ્લડ ડોનેશન સંપૂર્ણપણે સુરક્ષિત હોય છે. કોઈ જરૂરિયાતમંદને આ તમારા તરફથી અપાયેલો બેસ્ટ ઉપહાર હોઈ શકે છે. તમારા બ્લડને પ્લાઝમા, પ્લેટલેટ અને રેડ બ્લડ સેલ એમ ત્રણ અલગ ઘટકોમાં તોડવામાં આવે છે અને સંગ્રહ કરવામાં આવે છે. આમ તમે એકવાર રક્તદાન કરીને ત્રણ જીવન બચાવી શકો છો. રક્તદાન થી તમારુ હૃદયનું સ્વાસ્થ્ય પણ સુધરે છે .રક્તદાન કરવાથી હાર્ટનું સ્વાસ્થ્ય સુધરે છે અને હૃદયને સંબંધિત બીમારીઓ, સ્ટ્રોકનું જોખમ ઘટે છે. હૃદયમાં આયર્ન વધી જાય તો હૃદયરોગનું જોખમ વધે છે. નિયમિત રક્તદાન કરવાથી તમારા લોહીમાં આયર્નની માત્રા નિયંત્રિત થાય છે જે તમારા હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.ઉપરાંત રકતદાન પછી તમારુ શરીર લોહીની ઉણપ પૂરુ કરવાના કામમાં લાગી જાય છે. આનાથી શરીરના કોષો વધારે રેડ બ્લડ સેલ્સ બનાવવાના કામમાં લાગી જાય છે. આ કારણે તમારુ સ્વાસ્થ્ય સુધરી શકે છે અને તમારા શરીરને વધુ સારી રીતે કામ કરવામાં મદદ મળે છે. રક્તદાન કેલેરી બાળવામાં અને વજન ઘટાડવામાં મદદ કરે છે. રેડ બ્લડ સેલ્સનું સ્તર થોડા મહિનામાં બરાબર થઈ જાય છે. તમે રક્ત દાન સાથે સ્વસ્થ ડાયેટ અને નિયમિત વ્યાયામ કરો તો વજન કંટ્રોલમાં આવી શકે છે. રક્તદાન જો કે વજન ઘટાડવાની યોગ્ય રીત નથી. વધારે પડતું બ્લડ ડોનેટ કરવાથી બચવું અને એક્સપર્ટ્સની સલાહ પ્રમાણે જ બ્લડ ડોનેટ કરવુજોઈએ . ઉપરાંત નિયમિત રૂપે રક્તદાન કરવાથી શરીરમાં આયર્ન વધતુ નથી. આ કારણે અમુક પ્રકારના કેન્સરનો ખતરો પણ ઓછો થઈ જાય છે. રક્તદાન શરીરના કોષોને પ્રોત્સાહિત કરે છે જેના કારણે શરીરની ફિટનેસ વધે છે અને બ્લડ પ્રેશર કાબુમાં રહે છે. આ સાથે સારુ કામ કર્યાનો સંતોષ મળવાથી મન આનંદમાં રહેતા તેની પણ પોઝિટિવ અસર હેલ્થ પર પડે છે. રક્તદાનની પ્રક્રિયામાં તમારા લોહી અને સ્વાસ્થ્યની વિના મૂલ્યે તપાસ થઈ જાય છે. આથી લોહીમાં હિમોગ્લોબિનના સ્તરની ખબર પડી જાય છે, અમુક ઈન્ફેક્શન- બીમારીની આશંકા હોય તો પણ ખબર પડી જાય છે. લોહીની તપાસથી ખબર પડી જાય છે કે વ્યક્તિ રક્તદાન માટે તૈયાર છે કે નહિં. આમ બ્લડ ડોનેટ કરીને તમે તમારા સ્વાસ્થ્ય પર પણ નજર રાખી શકો છો. દર વર્ષે ભારતમાં પાંચ કરોડ બ્લડ યુનિટ્સની જરૂર પડે છે, જેમાં માત્ર ૨.૫ કરોડ યુનિટ બ્લડ જ ઉપલબ્ધ થાય છે. .દર બે સેકન્ડે કોઈ વ્યક્તિને લોહીની જરૂર પડે છે..દરરોજ ૩૮૦૦૦થી વધુ રક્તદાનની જરૂર પડે છે..દર વર્ષે કુલ ૩૦ મિલિયન બ્લડ કમ્પોનન્ટ્સ ટ્રાન્સફ્યુઝ઼ કરવામાં આવે છે. સરેરાશ લાલ રક્તરણોનું ટ્રાન્ઝફ્યુઝન અંદાજે પિન્ટ્સ જેટલું થાય છે..એક અંદાજ પ્રમાણે દેશની વસતીના ૧ ટકા જેટલું રક્તદાન સુરક્ષિત લોહીની મૂળભૂત આવશ્યકતાને અનુરૂપ પૂરતું છે. સ્વૈચ્છિક રક્ત દાનની સંખ્યા ૨૦૦૬માં માત્ર ૫૪.૩ ટકા હતી જે ૨૦૧૨ના અંત સુધીમાં ૮૩ ટકા જેટલું વધ્યું હતું.

# અમદાવાદ પ્લેન ક્રેશ : મૃતકોને પીએમની અંજલિ

**ઘટનાની તપાસ એનઆઈએને કરશે** | **વિમાન અકસ્માતના મૃતકોના ડેથ સર્ટિફિકેટની જરૂર નથી : LIC** | **વિમા કંપનીઓને 1000 કરોડના ક્લેઈમનો બોજો**



• અમદાવાદ

એર ઈન્ડિયાની આ ફલાઈટ અમદાવાદથી લંડન જઈ રહી હતી. એમાં પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી સહિત કુલ 230 મુસાફર હતા, જેમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિકનો સમાવેશ થાય છે. બાકીના 12 ક્રૂ-મેમ્બર હતા. ફલાઈટમાં સવાર ક્રૂ- મેમ્બર અને પ્રવાસીઓ મળીને 241નાં મોત થયાં છે. જ્યાં પ્લેન ક્રેશ થયું એ મેડિકલ હોસ્ટેલના 50 ઈન્ટર્ન ડોક્ટર સહિત સ્ટાફનાં મોત થયાં છે. ઘટનાની તપાસ એનઆઈએને સોંપવામાં આવી છે.


PM મોદી સવારના 8.30 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા, જ્યાંથી તેઓ 9.10 વાગ્યે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં તેઓ 15 મિનિટ સુધી રોકાયા હતા અને ત્રીજા માળ પર 10 મિનિટ સુધી ઈજાગ્રસ્તોના ખબરઅંતર પૂછ્યા હતા. ત્યાર બાદ તેઓ 9.45 વાગ્યે એરપોર્ટ જવા નીકળ્યા હતા, જ્યાં પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીનાં પત્ની અંજલિબેનને મળીને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ પીએમ મોદી દિલ્હી જવા રવાના થયા હતા. જ્યારે વિજય રૂપાણીનાં પત્ની અંજલિ રૂપાણી અમદાવાદ એરપોર્ટથી તેમના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને પહોંચ્યાં હતાં.

આ પહેલાં વડાપ્રધાન મોદી સિવિલમાં ઈજાગ્રસ્ત મેડિકલ સ્ટુડન્ટોને મળ્યા હતા. જે વોર્ડમાં હોસ્ટેલના ડોક્ટર અને નર્સ હાજર હતાં તેમને મળીને તેમના ખબરઅંતર પૂછ્યા હતા તેમજ પ્લેન ક્રેશમાં બચી જનારા એકમાત્ર મુસાફર એવા વિશ્વાસના પણ ખબરઅંતર પૂછ્યા હતા.

સ્વ. વિજયભાઈ રૂપાણીની અંતિમ યાત્રા રવિવારે રાજકોટમાં યોજાય તેવી શકયતા દર્શાવાઈ રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ ડીએનએ ટેસ્ટનું રીઝલ્ટ આવ્યા બાદ આ અંગે નિર્ણય લેવાશે. સંભવિત આવતીકાલ બપોર સુધીમાં ડીએનએ ટેસ્ટના પરિણામ બાદ સ્વ. રૂપાણીના પાર્થિવદેહ તેમના પરિવારજનોને સુપ્રત કરાશે અને કાલ બપોરે જ રાજકોટ ખાતે લઈ આવવામાં આવે તેવી ધારણા છે અને બાદમાં રવિવારે સવારે અંતિમ યાત્રા યોજાઈ શકે છે.

આ દુઃખ ઘટનાને ધ્યાને રાખી દેશની સૌથી મોટી વીમા કંપની ભારતીય જીવન વીમા નિગમ (LIC)એ આજે મહત્ત્વની જાહેરાત કરી છે. એલઆઈસીએ કહ્યું છે કે, 'અમે વિમાન અકસ્માતમાં સામેલ પીડિતોના સંબંધીઓને દાવાની પતાવટ પ્રક્રિયામાં રાહત આપી છે અને આ પ્રક્રિયાને ઝડપી કરી દીધી છે. કંપનીએ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી કહ્યું છે કે, અમે વિમાન દુર્ઘટનામાં મૃતકોના પરિવારજનોને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ.એલઆઈસીએ સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, 'અમે પૉલિસીના દાવેદારોની સમસ્યાનું નિવારણ લાવવા માટે રાહતની જાહેરાત કરી છે. જો વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓનું ડેથ સર્ટિફિકેટ ન હોય તો, તેના બદલે સરકારી રેકોર્ડમાં સામેલ કોઈપણ

## પ્લેન ક્રેશમાં બચી ગયેલ યુવકે પીએમને આપવિતી વર્ણવી



અમદાવાદ : વડાપ્રધાન મોદીએ આજે સિવિલ હોસ્પિટલમાં વિમાન દુર્ઘટનામાં ઘાયલ લોકોની મદદ કરી હતી. આ દુર્ઘટનામાં એકમાત્ર જીવતો બચી ગયેલ યાત્રી રમેશ વિશ્વાસકુમાર સાથે પણ મોદીએ મુલાકાત કરી હતી. વિશ્વાસે વડાપ્રધાન મોદીને જણાવ્યું હતું કે, હું વિમાનમાંથી કૂદયો નહોતો, બલકે સીટ સહિત બહાર આવી ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, પ્લેન દુર્ઘટનાના કેટલાક કલાકો બાદ એક વિડીયો વાયરલ થયો હતો. જેમાં જોવા મળ્યું કે, લોહીથી લથપથ વિશ્વાસકુમાર એમ્બ્યુલન્સ તરફ જઈ રહ્યો છે. 40 વર્ષીય વિશ્વાસકુમાર રમેશ બ્રિટીશ નાગરિક છે, જે ભારત પોતાના પરિવારને મળવા આવ્યો હતો. તે પોતાના ભાઈ અજયકુમાર (ઉ.45) સાથે યુકે પરત ફરી રહ્યો હતો.

વિશ્વાસ સીટ નં.11 એ પર બેઠો હતો, જયારે તેનો ભાઈ અલગ લાઈનમાં બેઠો હતો.વિશ્વાસે જણાવ્યું હતું કે, વિમાને ઉડાન ભર્યાની 30 સેકન્ડ બાદ એક જોરદાર અવાજ આવ્યો અને પછી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું.આ બધું બહુ ઝડપથી થઈ ગયુ હતું. હું જયારે ભાનમાં આવ્યો તો મારી ચારે બાજુ લાશો પડી હતી. હું ડરી ગયો હતો, હું ઉભો થયો અને ભાગ્યો. મારી ચારે બાજુ વિમાનના ટૂકડા હતા. કોઈએ મને પકડી લીધો અને એમ્બ્યુલન્સમાં નાખીને હોસ્પિટલે લઈ જવાયો હતો.

# ટ્રાફિક પોલીસ દ્વારા વાહનો, બળદગાડાંમાં અકસ્માત નિવારણ અર્થે રિફ્લેકટર્સ લગાવ્યા

## પોરબંદરર ટ્રાફિક પીએસઆઇ કે.બી. ચૌહાણની ટીમ દ્વારા રિફ્લેક્ટર્સ લગાડી ઉમદાકાર્ય હાથ ધરાયું

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર રાજકોટ હાઈવે રોડ પસાર થતા વાહનોના અકસ્માત નિવારણ માટે રાત્રિના સમયે વાહનો પાછળ તેમજ આગળ રિફલેકટર્સ લગાડેલ ન હોય તેથી રાત્રીના સમયે અકસ્માત થવાનો ભય રહેતો હોય છે ત્યારે પોરબંદર ટ્રાફિક પોલીસ પી.એસ.આઈ. કે.બી. ચૌહાણ તથા તેમની ટીમ દ્રારા વાહનોમાં રિફલેકટર્સ લગાવવાની કામગીરી કરવામાં આવેલ. પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા પોરબંદર જિલ્લા ટ્રાફિક પોલીસ ને રોડ પર થતાં વાહન અકસ્માત અટકાવવા માટે માર્ગદર્શન આપી કામગીરી કરવા સુચનાઓ કરેલ. જે સૂચના અન્વયે પોરબંદર રાજકોટ નેશનલ હાઈવે રોડ પરથી પસાર થતા વાહનો, બળદ ગાડાની આગળ રાત્રીના સમયે આગળ પાછળ પાછળ રિફલેકટર્સ લગાડવામાં ન આવ્યા હોવાથી અકસ્માત થવાનો ખતરો હોય છે ત્યારે આવા નેશનલ હાઈવે રોડ પર થતા અકસ્માત થી બચવા અને સલામત રહે તેવા શુભ આશયથી અને ફરજના ભાગરૂપે ટ્રાફિક પોલીસના પી.એસ.આઈ કે.બી.ચૌહાણ અને તેની ટીમ દ્વારા પોરબંદર રાજકોટ નેશનલ હાઈવે રોડ પર પસાર થતા વાહનોમાં રાત્રીના સમયે આગળ પાછળ રિફલેકટર્સ લગાડવામાં આવ્યા હતા. જ્યારે રાત્રીના વાહનો ની સાથો સાથ ખેડૂતો પોતાના ખેતરે ખેતકાંમ કરવા માટે બળદગાડાં લઈ ને નેશનલ હાઈવે રોડ પર અવર જવર કરતા હોય છે. ત્યારે રાત્રીના અંધકાર માં રોડ પર બળદ ગાડામાં લાઈટ નં હોય તેથી રાત્રીના સમયે રોડ પર પસાર થતાં અકસ્માત ની સંભાવના રહેતી હોય છે. ત્યારે પોરબંદર ટ્રાફિક પોલીસ પી એસ. આઈ. કે.બી.ચૌહાણ આવા બળદગાડાની ની પણ કેર લઈ તેમને પણ બળદ ગાડાની ની આગળ અને પાછળ પોતે આગળ આવી ને ખેડૂત અને બળદ ની પણ ખેવના કરી તેઓ ના પણ અકસ્માત થી થતાં જીવ બચાવાની કામગીરી હાથ ધરી બળદ ગાડાંમા પણ આગળ પાછળ રીફલેકટર્સ લગાડી આપ્યા હતા. તેમજ વાહન ચાલકોને વાહન ચલાવતી વખતે સીટ બેલ્ટ બાંધવા ગતિ મર્યાદામાં વાહન ચલાવવું, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો,રોંગ સાઈડમાં વાહન ન ચલાવવુ વિગેરે ટ્રાફિક નિયમોનું અવશ્ય પાલન કરવા જણાવેલ તથા રાહદારીઓને ટ્રાફિક નિયમોની સમજ આપવામાં આવેલ.આમ રાત્રીના સમયે થતા અકસ્માત નિવારવાના ભાગ રૂપે પોરબંદર રાજકોટ હાઈવે પર પસાર થતા રિફલેકટર્સ વિનાના વાહનોમાં, બળદ ગાડા માં રિફલેકટર્સ લગાડવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કામગીરી માં પોરબંદર ટ્રાફિક પોલીસ પી.એસ.આઈ. કે.બી. ચૌહાણ તથા એ.એસ. આઈ. કિરીટભાઈ પરમાર,દિવ્યેશ પટેલ,પો. કોન્સ.સંજય દુર્ગાઈ, ડ્રા.ભાવેશ વિકમા,મયુર બાલશ તથા ટી.આર.બી.કુલદિપ સરવૈયા,રમેશ કેશવાલા દ્વારા કરવામાં આવેલ હતી.





**સ્વ. વિજયભાઈ રૂપાણી**

**સ્વ. તા.12-06-2025**

**પાક્કો ગુજરાત દૈનિક અને CN24 ન્યૂઝ પરિવાર તરફ ભાવભિની શ્રદ્ધાંજલિ**

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI